નવીન વ્યાકરણ

ભાગ ૧લો

પ્રાથમિક શાળાના ચોથા ધોરણ માટે

લેખક તથા પ્રકાશક

મૂળચંદભાઈ હીરાલાલ ચોકસી, એમ. એ;

હેડમાસ્તર, પ્રે. ર[illegible] ટ્રેનિંગ કોલેજ, અમદાવાદ.

આવૃત્તિ ૩૭ સને ૧૯૩૦ પ્રત ૩,૦૦૦

અમદાવાદ—શ્રી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

એકલા એજન્ટ

એસ. બી. શાહની કું.

પાનકોર નાકા—અમદાવાદ

* * *

કિંમત ત્રણ આના

નવીન વ્યાકરણ

ભાગ ૧લો

પ્રાથમિક શાળાના ચોથા ધોરણ માટે

લેખક તથા પ્રકાશક
મૂળજીભાઈ હીરાલાલ ચોકસી, એમ. એ;
હેડમાસ્તર, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ.

આવૃત્તિ ૩જી સને ૧૯૩૦ પ્રત ૩,૦૦૦

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

એકલા એજન્ટ
એસ. બી. શાહની કું.
પાનકોર નાકા—અમદાવાદ

***

કિંમત ત્રણ આના

અર્પણપત્રિકા

શ્રીયુત કૃષ્ણલાલ સુરજરામ વકીલ,
એમ. ઈડી.

એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર, દક્ષિણ વિભાગ,
ધારવાડ.

આપે મને ટ્રેનિંગ સંસ્થાઓમાં કેળવણી સંબંધી જ્ઞાન
મેળવવાની અને અખતરા કરવાની જે તક, સરળતા,
અને ઉત્તેજન આપ્યાં હતાં, તે ઋણ કંઈક
દરજ્જે અદા કરવાનો આ પ્રસંગ લઈ
'નવીન વ્યાકરણ' નામનું આ
પુસ્તક આપને હું સપ્રેમ
અર્પણ કરૂં
છું.

લિ.
મૂ. હી. ચોકસી

ઉપોદ્ઘાત.

પ્રાથમિક શાળામાં ગણિત અને વ્યાકરણ એ બે વિષયો વિદ્યાર્થીને અઘરા લાગે છે. શિક્ષકવર્ગને પણ એ બંને વિષયો રસિક રીતે વિદ્યાર્થી સમક્ષ રજુ કરવાની કેટલીક મુશ્કેલી નડે છે; કારણ કે અમૂર્ત બાબતનો સ્પષ્ટ ખ્યાલ તેમને સહેલાઈથી મગજમાં આવી શકતો નથી. આ કારણને લીધે વ્યાકરણના વિષય ઉપર જોઈએ તેવું ધ્યાન આપવામાં આવતું નથી, અને તે વિષય કાચો રહી જાય છે. આ ઉપરાંત વ્યાકરણશિક્ષણથી બુદ્ધિની સૂક્ષ્મતા તથા સુરેખ વિચાર કરવાની શક્તિ વિદ્યાર્થીનામાં આવવી જોઈએ, તેવી માનસિક તાલીમ તેમને મળતી નથી. આ બાબત લક્ષમાં રાખી આ વ્યાકરણની યોજના વૈયાકરણ તરીકે નહિ, પણ શિક્ષકની દૃષ્ટિથી ઘડવામાં આવી છે. વ્યાકરણ જેવા વિષય માટે શિક્ષણશાસ્ત્રનો એક ઉપયોગી નિયમ એ છે, કે " દૃષ્ટાંત ઉપરથી નિયમ ઉપર અને નિયમ ઉપરથી દૃષ્ટાંત ઉપર જવું" કે જેથી બાળકો વ્યાકરણ સરળ રીતે-કુદરતી રીતે સમજી શકે. આ પહેલા ભાગમાં આ દૃષ્ટિથી દરેક પદનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે વાચક સહજ જોઈ શકશે. બીજા ભાગમાં પાંચમા અને છઠ્ઠા ધોરણ માટે પણ આજ શૈલીથી વ્યાકરણનાં જુદાં જુદાં પદનું નિરૂપણ વિશેષ હકીકત સાથે કરવામાં આવશે, અને ત્રીજા ભાગમાં જરા શાસ્ત્રીય રીતે વધારે બીના સાથે આ વિષયનું કેન્દ્રાનુસાર પદ્ધતિ મુજબ નિરૂપણ કરવામાં આવશે.

પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ,
અમદાવાદ.
તા. ૧૬-૯-૩૦

મૂળજીભાઈ હીરાલાલ ચોકસી

અનુક્રમણિકા

નવીન વ્યાકરણ

ભાગ ૧ લો

પાઠ ૧ લો

વાક્યવિચાર

૧. આપણે જ્યારે બોલીએ છીએ, ત્યારે અમુક વિચાર શબ્દોથી જણાવીએ છીએ. જે શબ્દોનો આપણે ઉપયોગ કરીએ છીએ, તે એક અથવા વધારે હોય છે.

(अ) ૧. ખેતર ઘાસ
૨. ગાય ઝાડ
૩. ચોપડી ઘર છગનની
૪. પતંગ છાપરૂં
૫. નિશાળ છોકરો

ઉપર પ્રમાણે જે શબ્દો મૂકયા છે, તેમને આમ સાથે મૂકવાથી કંઈ અર્થ થતો નથી; કારણ કે તે શબ્દોથી તેના છુટા અર્થ ઉપરાંત કંઈ વિશેષ સમજાતું નથી; હવે તેજ શબ્દોને સંબંધપૂર્વક ગોઠવવાથી કંઈક અર્થ સમજાય છે.

(अ)	(ब)
૧. ખેતર ઘાસ	૧. ખેતરમાં ઘાસ
૨. ગાય ઝાડ	૨. ગાય ઝાડ નીચે
૩. ચોપડી ઘર છગનની	૩. છગનની ચોપડી ઘરમાં
૪. પતંગ છાપરૂં	૪. પતંગ છાપરા ઉપર
નિશાળ છોકરો	૫. નિશાળેથી છોકરો

'ખેતર ઘાસ' એ શબ્દોથી કંઈ સમજાતું નથી, પણ તેના કરતાં 'ખેતરમાં ઘાસ' એ શબ્દોથી આપણે કંઈક સમજીએ

છીએ. તેવીજ રીતે 'ગાય ઝાડ' થી કંઈ સમજાતું નથી, પણ તેના કરતાં 'ગાય ઝાડ નીચે' એ શબ્દોથી વધારે સમજાય છે. તેજ પ્રમાણે બીજા શબ્દો છે. अ ખાનામાં પદાર્થ કે પ્રાણીનાં માત્ર નામ સમજાય છે, પણ બંને વચ્ચે સંબંધ શો છે તે સમજાતું નથી. ब ખાનામાંના શબ્દોથી વધારે અર્થ સમજાય છે એ ખરૂં, પણ તેનો પુરેપુરો અર્થ સમજાતો નથી; કારણકે 'ખેતરમાં ઘાસ' એ શબ્દોથી 'ઘાસ' ખેતરમાં છે કે નહિ તે આપણે જાણતા નથી. તેમજ 'ગાય' ઝાડ નીચે શું કરે છે તે પણ સમજાતું નથી. આવી રીતે 'છગનની ચોપડી ઘરમાં' પતંગ છાપરા ઉપર' 'નિશાળેથી છોકરો' એ શબ્દોના અર્થ પુરા સમજાતા નથી, તેથી તેને **શબ્દસમૂહ** કહે છે; પણ જ્યારે નીચે પ્રમાણે તે શબ્દોમાં કંઈક ઉમેરો કરેવામાં આવે છે, ત્યારે તેમનો અર્થ બરાબર સમજાય છે; કારણ કે તેમાંથી પુરેપુરો અર્થ નીકળે છે, અને તે પુરો કરવા કંઈ વધારે કહેવાનું રહેતું નથી.

(ब)	(क)
૧. ખેતરમાં ઘાસ	૧. ખેતરમાં ઘાસ છે.
૨. ગાય ઝાડ નીચે	૨. ગાય ઝાડ નીચે **બેઠી છે.**
૩. છગનની ચોપડી ઘરમાં	૩. છગનની ચોપડી ઘરમાં **હતી.**
૪. પતંગ છાપરા ઉપર	૪. પતંગ છાપરા ઉપર **પડયો.**
૫. નિશાળેથી છોકરો	૫. નિશાળેથી છોકરો **ઘેરગયો.**

क ખાનાના આવા શબ્દસમૂહને વાકય ગણે છે. કેટલીક વખત એકાદ શબ્દથી પણ પુરો અર્થ સમજાય છે. દા. દોડો, લખો, જાઓ, આવજો, જુઓ, બેસો વગેરે. જ્યારે એક કે વધારે શબ્દોથી બોલનારનો વિચાર પુરો સમજાય છે, ત્યારે તે **વાકય** કહેવાય છે; પણ જો તેનો અર્થ અધુરો સમજાય તો તેને **શબ્દસમૂહ** કહે છે.+

૨. નીચેના શબ્દો વાપરી એકેક વાકય બનાવો:—

(अ) ઊડે છે, હતો, ચકલી, તમે, તાપ, રમ્યો, ખાતો, છોકરી, બળદ, તે પોપટ, પત્થર, હું, છોડ, મરઘી, લીધું, જુએ છે, ચોપડી, જાય છે, હસ્યો, તું, રમણ, પડયું, ઊડયું, જામફળ.

+શબ્દસમૂહમાં એકથી વધારે શબ્દો હોય છે. જે શબ્દો વાકયમાં વપરાયા હોય છે, તેમાંના દરેકને **પદ** કહેવામાં આવે છે.

(ખ) શબ્દસમૂહના બાર દાખલા આપો.

૩. નીચેના લખાણમાંથી **વાકય** કે **શબ્દસમૂહ** હોય તે બતાવોઃ—

(૧) છોકરો ખાય છે. (૨) ચાર વાગે. (૩) ઊડતું પક્ષી. (૪) મેજ પડયું છે. (૫) ખડીઆમાં કલમ. (૬) આકાશના તારા. (૭) ઘોડો દોડતો હતો. (૮) તે ખૂબ રમ્યો. (૯) નીચે બેસો. (૧૦) તમે શું બોલો છો? (૧૧) દાદર ઉપરથી. (૧૨) મગન કાગળ લખે છે. (૧૩) કોયલ કેવું ટહુકે છે? (૧૪) ભોંય ઉપર પડેલું. (૧૫) વરસાદ વરસી રહ્યો. (૧૬) રસ્તામાં જતાં. (૧૭) પવન વાય છે. (૧૮) પાંચ વાગે. (૧૯) છગન રમીને. (૨૦) કામ કરીને તે થાકી ગયો. (૨૧) ટાઢ સખત પડે છે. (૨૨) મારાથી આ લખાશે નહિ. (૨૩) એકદમ દોડ. (૨૪) તમે કેમ આવ્યા છો? (૨૫) હવે પાઠ વાંચો. (૨૬) બેસી રહેવું. (૨૭) ફરીથી કનુ બોલ્યો. (૨૮) શું તમે ગામ ગયા હતા? (૨૯) આંબા ઉપરની કેરી. (૩૦) તેણે હીંચકા ખાધા.

૪. નીચેના શબ્દો વાપરી વાકય બનાવોઃ—

(૧) બળદ અને ઘાસ. (૨) પોપટ અને પાંજરૂં, (૩) આંબો અને કેરી, (૪) ગાય અને દૂધ. (૫) છોકરો અને ચોપડી. (૬) બગીચો અને ફળ. (૭) ખેતર અને બાજરી, (૮) શિક્ષક અને ખુરસી, (૯) મગન અને પતંગ, (૧૦) દરજી અને લુગડાં, (૧૧) રસ્તામાં, (૧૨) પડેલું હતું, (૧૩) ધીમેથી, (૧૪) ઉંચે આકાશમાં, (૧૫) ઘર આગળ, (૧૬) બજારમાંથી, (૧૭) માથા ઉપર, (૧૮) ચાલતાં ચાલતાં, (૧૯) બજાર અને કપડાં, (૨૦) સુથાર અને મેજ, (૨૧) વરસાદ અને વીજળી, (૨૨) જંગલ અને વાઘ, (૨૩) કામથી તે, (૨૪) વાજાં, વાગવાથી, છોકરૂં, (૨૫) ઝાડ અને પવન, (૨૬) શિઆળામાં ઘણી ટાઢ, (૨૭) સૂતેલો સિંહ, (૨૮) ખેતર અને શિઆળ, (૨૯) ભેંસ અને ઘાસ, (૩૦) છાપરા ઉપર.

પાઠ ૨ જો

ક્રિયાપદ

૧. વાક્ય એ શું છે તે હવે તમને સમજાયું હશે; પણ તે બરાબર સમજવા માટે તો તેમાં આવતા શબ્દો એક બીજા જોડે કેવો સંબંધ ધરાવે છે તે, એટલે તેના જુદા જુદા ભાગ જાણવાની જરૂર છે.

(૧) પોપટ **ઊડે છે.** (૨) છોકરૂં **રડે છે.** (૩) કાશી **ગાય છે.** (૪) શિક્ષક **બોલે છે.** (૫) પવન **વાય છે.**

આ પાંચ વાક્યો છે. તે દરેકમાં બે પદ (શબ્દો) છે. 'પોપટ ઊડે છે' તેમાં 'પોપટ' શું કરે છે તે 'ઊડે છે' શબ્દથી જણાય છે. 'છોકરૂં રડે છે' તેમાં 'રડવાનું' 'રડે છે' શબ્દથી સમજાય છે. તેવીજ રીતે 'ગાય છે,' 'બોલે છે,' 'વાય છે,' એ શબ્દોથી 'ગાવાની,' 'બોલવાની' અને 'વાવાની' ક્રિયા માલમ પડે છે; માટે તે ઉપરથી આપણને એમ સમજાય છે, કે **આ પદો ક્રિયા બતાવે છે.**

૨. (૧) શાંતિ રસ્તે જતાં જતાં, (૨) નોકર દોડીને, (૩) છોકરો પાણીમાં તરતા, (૪) તે ઉભો થઈને; આવા શબ્દસમૂહો વાક્યો નથી, એ બાબત પહેલાં તમે શીખી ગયા છો; કારણ કે તે શબ્દો વડે પુરો અર્થ સમજાતો નથી. 'જતાં જતાં' શું થયું તે પહેલા શબ્દ-સમૂહથી સમજાતું નથી. તેજ પ્રમાણે 'દોડીને,' 'તરતાં,' 'ઉભો થઈને' એ શબ્દોથી પુરો અર્થ સમજાતો નથી. જો કે તેમાં 'જવાની,' 'દોડવાની,' 'તરવાની,' અને 'ઉભા રહેવાની' ક્રિયા થાય છે, પણ તે અધુરી હોવાથી તેને ક્રિયાપદ કહેવાય નહિ. ત્યારે આ ઉપરથી હવે સમજાશે, કે જે શબ્દ ફક્ત ક્રિયા બતાવનાર એટલે અધુરી ક્રિયા બતાવનાર હોય, તો તે શબ્દને ક્રિયાપદ કહેવાય નહિ; પણ **જે પદ ક્રિયા બતાવે, અને જેમાંથી અર્થ પુરો નીકળે, તે ક્રિયાપદ કહેવાય છે.**

૧. શાંતિ રસ્તામાં જતાં જતાં	૧. શાંતિ રસ્તામાં જતાં જતાં **પડી ગયો.**
૨. નોકર દોડીને	૨. નોકર દોડીને **આવ્યો.**
૩. છોકરો પાણીમાં તરતાં	૩. છોકરાં પાણીમાં તરતાં **ડૂબી ગયો.**
૪. તે ઉભો થઈને	૪. તે ઉભો થઈને **વાંચે છે.**

ઉપર પ્રમાણે મોટા અક્ષરવાળા શબ્દોથી ક્રિયા પુરી થાય છે, અને નાના અક્ષરવાળા શબ્દોનો અર્થ બરાબર સમજાય છે, તેથી તે **વાકય** કહેવાય છે.

૩. એક શબ્દનું પણ વાકય હોય છે, એ બાબત અગાઉ તમે શીખી ગયા છો. દા. આવજો, બેસો, ખાઓ, ઊઠો, લાવો. જો કે આમાં એક પદ છે, પણ તે વાક્ય છે, કારણ કે તેમાં 'તમે' એ અધ્યાહાર (છે એમ સમજવાનું) રાખી એકલા ક્રિયાપદથી તેનો અર્થ સમજી શકાય છે. વળી તે પદ ક્રિયાપદ છે. હવે આ ઉપરથી ચોકખું સમજાશે કે કોઈ પણ વાકય ક્રિયાપદ વગર થઈ શકે નહિ. ત્યારે દરેક વાકયમાં ઓછામાં ઓછાં બે પદ તો હોવાંજ જોઈએ. એક ક્રિયા કરનાર, અને બીજું ક્રિયા બતાવનાર. 'બેસો,' 'ખાઓ,' 'લાવો,' એ ક્રિયાપદની સાથે 'તમે' પદ અધ્યાહાર (છે એમ સમજવાનું) હોવાથી તે પદ જો કે એકલું છે, તોપણ વાકય તરીકે ગણાય છે. વાકયમાં કર્તા એટલે ક્રિયા કરનાર પદ અધ્યાહાર રહી શકે, પણ ક્રિયાપદ વગર તો ચાલેજ નહિ, તેથી વાકયમાં ક્રિયાપદ એ ઘણું જરૂરનું પદ છે; કારણ કે તે વગર વાકય થઈ શકતું નથી.

૪. નીચેનાં વાકયોમાંથી **ક્રિયાપદ** શોધી કાઢોઃ—

(૧) ચોપડી પડી છે. (૨) સૂર્ય ઊગ્યો, (૩) કુતરો ભસે છે. (૪) તમે ખાઓ છો? (૫) છોકરી ગાય છે. (૬) તેણે દૂધ પીધું. (૭) ઘડિઆળ બંધ પડી છે. (૮) કીડી દાણો લઈ ગઈ. (૯) કાગડો કા કા કરે છે. (૧૦) સુંદર ફૂલ કરમાઈ ગયું. (૧૧) ઘી ઢળી ગયું. (૧૨) મોહન સૂઈ ગયો. (૧૩) ખેડુત ઝાડ કાપે છે. (૧૪) બળદ

ખેતરમાંથી આવે છે. (૧૫) તેણે મને પૈસો આપ્યો. (૧૬) હમણાં બંદુક ફૂટી. (૧૭) વરસાદથી ઘર પડયું. (૧૮) આકાશ રાતું દેખાય છે. (૧૯) મેં તેને વાત કહી. (૨૦) વાત સાંભળીને તે બોલી ઊઠયો. (૨૧) નદીમાં પૂર આવ્યું છે. (૨૨) તમે કયાં જાઓ છો ? (૨૩) હજુ તે માંદો છે. (૨૪) મોર ટહુકા કરતો હતો. (૨૫) બગીચો ઉજ્જડ લાગે છે. (૨૬) હું હવે લખી રહ્યો. (૨૭) કામથી તે ખૂશ થયો. (૨૮) તેણે ટોપી લીધી. (૨૯) વિનુ નિશાળે ગયો હશે. (૩૦) તે બહુ બોલતો નથી.

૫. નીચેની ખાલી જગામાં **ક્રિયાપદ** મૂકી વાકય બનાવોઃ—

(૧) નિશાળ——(૨) બગીચો——(૩) ચંદ્રમા——(૪) ભિખારી——(૫) મરઘી——(૬) કલમ——(૭) મોગરાનું ફૂલ——(૮) છોકરાની લાકડી——(૯) કેટલાંક માણસ——(૧૦) તેની ખુરસી——(૧૧) મારો કોટ——(૧૨) કાંતિની ચોપડી——(૧૩) લાલ ઘોડો——(૧૪) દીવાનું અજવાળું——(૧૫) જંગલમાં વાઘ——(૧૬) છગન અને મગન——(૧૭) બાર રૂપીઆ——(૧૮) આંબા ઉપરની કેરી——(૧૯) મારી ચોપડી——(૨૦) રાજાનો કુતરો——(૨૧) ઝાડ ઉપરનાં ફૂલ——(૨૨) મંદિરમાં તે ——(૨૩) છોકરો રમવા——(૨૪) બહુ કહેવું——(૨૫) લશ્કરનો સિપાઈ——(૨૬) શેઠ ગરીબને——(૨૭) વરસાદથી ઘર——(૨૮) તે હીંચકા ઉપર——(૨૯) હું——(૩૦) કામ——

૬. નીચેનાં વાકયોમાંથી **ક્રિયાપદ** શોધી કાઢોઃ—

(અ) ૧. આપણે દાળ અને શાકભાજી ખાઈએ છીએ.

૨. તે બાઈને પોતાની ભૂલ માલમ પડી.

૩. તેણે પેલા પાડોશીનો ઉપકાર માન્યો

૪. પહેલાં તો ખેડુતે કપાસ વાવ્યો હશે.

૫. પેલાં વાસણો તેં હારબંધ ગોઠવી કાઢયાં છે.

૬. ઊંટની જમણી આંખ ફૂટેલી છે.

૭. તેની બીજી મેર ઘઉં લાખ્યા છે.
૮. હીંડો, મને તે દેખાડો,
૯. એ બધું ડહાપણ તો જાણ્યું.
૧૦. રસ્તે ચાલતાં મેં ઊંટનાં પગલાં જોયાં.
૧૧. ત્યાં માણુસનાં પગલાં પડેલાં ન હતાં.
૧૨. તે એક આંખે કાણું હશે.
૧૩. તેણે પાંદડાં કરડયાં હશે.
૧૪. સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે;
કુવાક્યથી ક્લેશ હમેશ લાધે;
અરે, કશો એક વિવેક આણી,
વિચારીને યાર, ઉચાર વાણી.

(ख) જંગલમાં એક સિંહ સૂતો હતો. એક ઉંદરડી તેના દરમાંથી નીકળી, અને તેના શરીર ઉપર દોડવા લાગી. સિંહ જાગ્યો અને તેણે ઉંદરડીને પકડી. તેણે તેને મારવાનો વિચાર કર્યો. તેણે કહ્યું, કે તમે મને મારશો નહિ; હું તમને કોઈ દિવસ મદદ કરીશ. થોડા દિવસ પછી સિંહ જાળમાં પકડાયો. તેણે બહુ બરાડા પાડયા, તેથી ઉંદરડી દોડી આવી. તેણે જાળ કાપી નાખી, અને સિંહને છુટો કર્યો.

પાઠ ૩ જો

નામ

૧. 'પક્ષી ઊડે છે.' એ વાક્યમાં 'ઊડે છે' ક્રિયાપદ છે, કારણ કે તે 'ઊડવાની' ક્રિયા બતાવે છે; અને 'પક્ષી એ ક્રિયા કરનાર છે, તેથી તેને **કર્તા** કહે છે. દરેક વાક્યમાં કર્તા તો હોવો જોઈએ. ઘણાં વાક્યોમાં તે સ્પષ્ટ જણાઈ આવે છે, પણ કોઈ કોઈ વાક્યમાં તે ચોકખો માલમ પડતો નથી. દા. 'વાંચ.' એ વાક્ય છે. તેમાં 'વાંચ' એ ક્રિયાપદ છે, પણ તેમાં 'તું' એ પદ સમજી લેવાનું છે; પરંતુ તેનો

પુરો અર્થ સમજાય છે એટલે તે વાક્ય ગણાય છે. આ બાબત બીજા પાઠમાં સમજાવવામાં આવી છે. હવે વાક્યમાં જે કર્તા હોય છે, તે શોધી કાઢવા માટે ક્રિયાપદને 'કોણે'થી સવાલ કરવામાં આવે તો તે જણાઈ આવે છે. 'તે ઊંઘી ગયો' એ વાક્યમાં 'કોણ ઊંઘી ગયો'? એમ પ્રશ્ન કરવાથી 'તે' ઊંઘવાની ક્રિયા કરનાર છે, એટલે 'તે' કર્તા છે એમ માલમ પડે છે. તેવી રીતે 'તું રોટલી ખા.' એમાં 'કોણ રોટલી ખાય'? એમ પૂછવાથી 'તું' કર્તા છે એમ સમજાય છે.

૨. નીચેનાં વાક્યોમાંથી **કર્તા** શોધી કાઢો:—

(૧) ભમરો ગણગણાટ કરે છે. (૨) કુતરો રોટલો ખાય છે. (૩) કુસુમ બહુ રમે છે. (૪) તેણે પાણી પીધું. (૫) ડાહ્યો છોકરો કહ્યું કરે છે. (૬) બિલાડી ઉંદર પકડવા દોડી. (૭) માળી ફૂલ વીણે છે. (૮) સુથાર રંદો ફેરવે છે. (૯) આકાશમાં તારા ઝગઝગે છે. (૧૦) નદીનું પાણી વહ્યું જાય છે. (૧૧) ખાબોચીઆમાં પાણી થોડું છે. (૧૨) મેળા વખતે લોકો એકઠા થયા. (૧૩) થોડી વાર પછી મહેતાજી બોલ્યા. (૧૪) તે નઠારા છંદમાં પડયો. (૧૫) છગન પ્રમાણિક હતો. (૧૬) ઈશ્વર સઘળું જુએ છે. (૧૭) આકાશ ભુરૂં દેખાય છે. (૧૮) આકાશમાં અસંખ્ય તારા નજરે પડે છે. (૧૯) લુટારાએ ત્રણ પથરા લીધા. (૨૦) આવું ભારે દુઃખ તેને પડયું. (૨૧) શેઠ ઘણા ખુશ થયા. (૨૨) એક વૃદ્ધ ડોસો મળવા આવ્યો. (૨૩) પછી તેનો વારો આવ્યો. (૨૪) હું કંઈ જાણુતો નથી. (૨૫) પાદશાહે બીરબલને પૂછયું. (૨૬) પાદશાહ તો સડ થઈ ગયો. (૨૭) તેણે મનમાં વિચાર્યું. (૨૮) પાદશાહે હુકમ રદ કર્યો. (૨૯) અકબરે બીરબલને શાબાશી આપી. (૩૦) તમે આ સવાલ પૂછયા હતા.

૩. નીચેના શબ્દસમૂહોમાં **કર્તા** મૂકો:—

(૧)——કેરી ખાધી. (૨)——ચીં ચીં કરે છે. (૩)——ગરમ છે. (૪)——રૂપીઆ આપ્યો. (૫)——ઉપયોગી જનાવર છે. (૬)——સુંદર શહેર છે. (૭)——જંગલમાં હરણનો શિકાર કર્યો. (૮)——બહુ રમે છે. (૯)——કેવું સરસ ગાય છે ? (૧૦)——

લાકડાની થાય છે. (૧૧)——જોરથી વહે છે. (૧૨)——માંદી પડી (૧૪)——સખત પડે છે. (૧૪)——ખાટું છે. (૧૫)——સારૂં છે. (૧૬)——મદદ કરો. (૧૭)——ધીમે ખાઓ. (૧૮)——ઉત્તરાયણમાં ઊડે છે. (૧૯) દુકાળમાં——મરે છે. (૨૦) મારી——ફાટી ગઈ. (૨૧) તેની——પડી. (૨૨) મોટું——નદી પર છે. (૨૩) આ——બોલે છે. (૨૪)——વનનો રાજા છે. (૨૫)——કયાં ગયા હતા? (૨૬)——સુખી થયા. (૨૭)——હમણાં ભસે છે. (૨૮) બાગમાં——થાય છે (૨૯)——આકાશમાં ઝગઝગે છે. (૩૦)——ઉતાવળથી દોડયો.

૪. હવે તમે વાકયના બે મુખ્ય ભાગ કે પદ કર્તા અને ક્રિયાપદ છે એ વિષે શીખી ગયા; પણ વાકયમાં જે કર્તા હોય છે તેનું બીજું કંઈક નામ પાડેલું હોય છે. જે જે વસ્તુને આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ, અડકીએ છીએ, તથા જેનો મનમાં વિચાર કરીએ છીએ, તે બધાનાં **નામ** હોય છે. 'પક્ષી ઊડે છે' એ વાકયમાં 'પક્ષી' કર્તા છે, અને તેને **નામ** પણ કહે છે. આ પ્રમાણે ક્રિયાપદના જુદા જુદા કર્તાને અમુક નામથી ઓળખવામાં આવે છે.

તમારા વર્ગમાં જે વસ્તુઓ હોય તેનાં **નામ** આપો. દા. મેજ, ખુરસી, પાટીઉં, ચોપડી, સ્લેટ, ચાક, નકશો, કાગળ, વગેરે.

જે ઝાડ તમે જોયાં હોય તેનાં **નામ** આપો. દા. પીપળો, વડ, લીમડો, આમલી, રાયણ, વગેરે.

તમારા વર્ગના છોકરાનાં **નામ** આપો. દા. કાંતિ, જેશંકર, મોહન, ચતુરભાઈ, હરમાનભાઈ, વગેરે.

જે જે પ્રાણી તમે જોયાં હોય તેનાં **નામ** ગણાવો. દા. બકરી, ગાય, ભેંસ, ઘોડો, ઊંટ, હાથી, વગેરે.

જે જે પક્ષી તમે જોયાં હોય તેનાં **નામ** બોલો. દા. ચકલી, પોપટ, કાબર, કબુતર, કાગડો, વગેરે.

તમે ગુજરાતનાં મોટાં શહેરોનાં **નામ** બોલો. દા. અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, નડિઆદ, ગોધરા, વીરમગામ, વગેરે.

આ જે બધાં **પદાર્થ** અને **પ્રાણીનાં નામ** તમે બોલ્યા, તે **આંખથી** જોઈ શકાય છે; પણ **કાન, ચામડી, જીભ,** અને **નાકથી** કેટલીક બાબતનું જ્ઞાન આપણને થાય છે. દા. ધાંટો, ગડગડાટ, બૂમ રણકો, એ કાનથી સંભળાય એવાં **નામ** છે. ટાઢ, તાપ, ગરમી, ઠંડક, ઉકળાટ, કઠિનતા, સુંવાળાશ, આ નામનું ચામડીથી આપણને જ્ઞાન થાય છે. ગંધ, બદબો, સુવાસ, એ **નામ**નું જ્ઞાન નાક વડે આપણને થાય છે. કડવાશ, મિઠાશ, તુરાશ, ખટાશ એ ગુણવાળી વસ્તુનો જીભને અનુભવ થાય છે. ઉપર જણાવેલાં બધાં **નામ** આપણે જુદી જુદી ઈંદ્રિયોથી જાણી શકીએ છીએ. હવે આપણે બીજાં નામ લઈ એ; જેવાં કે બાળપણ, સુખ, બહાદુરી, સુંદરતા, આરોગ્ય, સાચાઈ ક્રૂરતા. આ **ગુણનાં નામ** છે. કેટલાંક નામ જેવાં કે વાચન, કીર્તન, પૂજન, ચિંતન, રમત, ગમત, પાચન એ **ક્રિયાનાં નામ** છે. આ શબ્દો શું બતાવે છે ? આપણે તેને કેવી રીતે જાણી શકીએ છીએ? આ નામ એવાં છે કે જે આપણી ઇંદ્રિયોદ્વારા જાણી શકાતાં નથી એટલે તેમને આપણે જોઈ શકતા નથી અથવા સ્પર્શ કરી શકતા નથી, પણ તે નામ ગુણ કે ક્રિયાને ઓળખાવે છે; તેથી આ જુદાં જુદાં નામ ઉપરથી હવે સમજાશે, કે **જે શબ્દથી પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયા ઓળખાય છે, તે શબ્દ નામ કહેવાય છે.**

(क) તમારી નિશાળમાં જે જે વસ્તુઓ તમે જોતા હો તેનાં નામ લખો.

(ख) ખેતરમાં કે બાગમાં જે વસ્તુઓ તમેજોઈ હોય તેનાં નામલખો

(ग) રસ્તામાં જતાં જે વસ્તુ તમારા જોવામાં આવી હોય તેનાં નામ લખો.

(घ) જે વસ્તુ તમારા ખાધામાં આવી હોય તેનાં નામ લખો.

૫. નીચેના વાકયોમાંથી નામ શોધી કાઢોઃ—

(૧) ખેડુત ચોમાસામાં ખેતી કરે છે. (૨) ગરીબ માણસને બહુ મહેનત કરવી પડે છે. (૩) મોરનાં પીંછાં સુંદર હોય છે. (૪)

મોહનના ભાઈએ તેને પાંચ રૂપીઆ આપ્યા. (૫) સાધુ પુરુષ ઈશ્વરનું ચિંતન કરે છે. (૬) બાજરી કરતાં ઘઉં મોંઘા હોય છે. (૭) પ્રતાપના શૌર્ય આગળ મોગલોનું કંઈ ચાલ્યું નહિ. (૮) સીસીમાંથી દવા ઢળી ગઈ. (૯(મંદવાડમાં માણસમાત્રનો સ્વભાવ ચીઢિઓ થઈ જાય છે. (૧૦) વાડીમાં જુદી જુદી જાતનાં શાક થાય છે. (૧૧) ગાંડો માણસ લવારો કરે છે. (૧૨) વરસાદથી અનાજ ઊગે છે. (૧૩) પક્ષીઓ માળામાં ભરાઈ જાય છે. (૧૪) હાલમાં સોનું સોંઘું છે. (૧૫) મીરાંબાઈએ ઘણો વખત ભજન અને કીર્તનમાં ગાળ્યો. (૧૬) ગંગા બહુ પવિત્ર નદી છે. (૧૭) હિમાલય ઉંચાઈમાં બધાથી ચઢિઆતો છે. (૧૮) તેલ, પ્રવાહી પદાર્થ છે. (૧૯) ક્રૂરતાથી માણસ પશુ જેવો બને છે. (૨૦) રવિવારે મગન ગાડીએ બેસી પરગામ ગયો. (૨૨) ગુજરાતની ઉત્તરે રજપુતાનાનો મુલક છે. (૨૨) જવાનસિંહે ખંજર મ્યાનમાં ઘાલ્યું. (૨૩) તમારા દાખલામાં મોટી ભૂલ છે. (૨૪) વિનોદ પાસે ભલામણનો પત્ર હતો. (૨૫) જગમોહન કાળજીથી કામ કરે છે. (૨૬) તેની રહેણીકહેણી ઠીક નથી. (૨૭) ફકીર દરરોજ નગરમાં ફરતો હતો. (૨૮) સાકરની મિઠાશ ગોળના કરતાં વિશેષ છે. (૨૯) મદારી આગળ છોકરાંનું એક ટોળું વળ્યું હતું. (૩૦) લશ્કરમાં સિપાઈને દુઃખ અને ભૂખ વેઠવાં પડે છે. (૩૧) ચંદ્રનો પ્રકાશ મનુષ્યને બહુ ગમે છે.

૬. નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ **નામ** મૂકોઃ—

(૧) તમારા——માં ચોપડી છે. (૨)——માં તાપ બહુ પડે છે. (૩)——હિંદની રાજધાની છે. (૪) અમે રાત્રે——જોવા નીકળ્યા. (૫) તે——ઉપર બેઠો. (૬) આકાશમાં——ઝગઝગે છે. (૭)—— મધ બનાવે છે. (૮)——થી ઝાડ હાલ્યું. (૯) આ સુંદર——છે. (૧૦) આઠ વાગે——ઉઘડે છે. (૧૧)——બહાર ફરવા આવશે? (૧૨ રાજા——ને શિક્ષા કરે છે. (૧૩)——નો ગડગડાટ સંભળાય છે. (૧૪ મેં તેને——આપી. (૧૫) તેણે——પાસેથી દવા આણી.

(૧૬) હોશિયાર વિદ્યાર્થીને——મળે છે. (૧૭) દક્ષિણમાં——પવિત્ર નદી છે. (૧૮) હરિશ્ચંદ્ર——માટે જાણીતા છે. (૧૦) બાળક——માં બહુ વખત ગાળે છે. (૨૦) તે——હોશિયાર છે. (૨૧) ખેતરમાં ——પાક્યું. (૩૨) કેરીમાં——છે. (૨૩) સફેદ——ગમે છે. (૨૪) મગને પાંચ——લીધી. (૨૫) હવામાં——છે. (૨૭) આકાશમાં—— ઊડે છે. (૨૭) મેજ ઉપર——હતી. (૨૮) લડાઈમાં——હાર્યું. (૨૯) ગુજરાતની ઉત્તરે——છે. (૩૦)——ગરમ માલમ પડે છે

૯. જુદાં જુદાં નામ આવે એવાં બાર વાક્યો લખી લાવો.

પાઠ ૪ થો.

સર્વનામ

૧. જે પદાર્થ, પ્રાણી, ગુણ કે ક્રિયાની આપણે વાત કરીએ છીએ, તેને આપણે એક નામ આપીએ છીએ. આવી રીતે જુદાં જુદાં નામ હોય છે; જેવાં કે મોતીલાલ, રમણલાલ, ઘોડો, બળદ, પીપળો, આંબો, સોનું, રૂપું, મિઠાશ, કડવાશ, હિંમત, સુખ વગેરે, જ્યારે આપણે કંઈ બોલીએ છીએ કે લખીએ છીએ, ત્યારે આવાં નામનો ઉપયોગ કરીએ છીએ; પણ તે નામ વાક્યમાં ફરીને વાપરવામાં આવે છે તો તે ઠીક લાગતું નથી. દા. **છોકરો** ચાલતો હતો, પણ **છોકરાને** ઠોકર વાગવાથી **છોકરો** પડી ગયો, અને **છોકરાને** બહુ વાગ્યું. આ વાક્યમાં પ્રથમ નામ તરીકે 'છોકરો' એ શબ્દ વાપર્યો છે; પણ પછીથી ત્રણ વખત 'છોકરો' શબ્દ વાપરવાથી તે કાનને ઠીક લાગતું નથી; માટે તેને બદલે જો 'છોકરો ચાલતો હતો, પણ **તેને** ઠોકર લાગવાથી **તે** પડી ગયો, અને **તેને** બહુ વાગ્યું.' એમ બોલવાથી 'છોકરો' એ શબ્દ એકજ વાર વાપરવામાં આવ્યો છે, અને તેને બદલે **'તેને,' 'તે,'** અને **'તેને'** એમ બીજાં પદો મૂકવામાં આવ્યાં છે. એક નામ વારંવાર વાપરવા કરતાં આ રીત સરળ અને ઠીક લાગે છે.

૨. (૧) **નટુએ** કહ્યું, કે **નટુ** કાલે નિશાળે આવશે નહિ. (૨) **શાંતિએ** મહેતાજીને કહ્યું, કે **શાંતિને** રજા આપજો. (૩) જયશિખરે **રૂપસુંદરીને** કહ્યું, કે **રૂપસુંદરીએ** આવે વખતે વનમાં વાસ કરવો, **રૂપસુંદરીએ** દુઃખ સહન કરવું, અને **રૂપસુંદરીએ** બાળકને ઉછેરવું. (૪) મોહન બોલ્યો, કે **કાંતિ** વહેલો ઊઠે છે, **કાંતિ** બરાબર અભ્યાસ કરે છે, અને **કાંતિ** વખતસર હાજર થાય છે.

આ ચાર વાકયોમાં એકજ નામ ફરી ફરીને વાપરવાથી કાનને ઠીક લાગતું નથી, તેથી તેને બદલે નીચે પ્રમાણે ફેરફાર કરવો જોઈએ:-

(૧) નટુએ કહ્યું, કે **હું** કાલે નિશાળે આવીશ નહિ. (૨) શાંતિએ મહેતાજીને કહ્યું, કે **મને** રજા આપજો. (૩) જયશિખરે રૂપસુંદરીને કહ્યું, કે **તું** આવે વખતે વનમાં વાસ કરજે, **તું** દુઃખ સહન કરજે, અને **તું** બાળકને ઉછેરજે. (૪) મોહન બોલ્યો, કે કાંતિ વહેલો ઊઠે છે, **તે** બરાબર અભ્યાસ કરે છે, અને **તે** વખતસર હાજર થાય છે.

આવી રીતે **હું**' 'મને' 'તું' અને 'તે' એ પદો જુદાં જુદાં નામ માટે વાપરવાથી વાકય સરળ થાય છે. 'હું' નટુને માટે વાપર્યું છે; કારણ કે નટુ બોલનાર પોતે પોતાને માટે 'નટુ' ને બદલે 'હું' નો ઉપયોગ કરે છે. તેવી રીતે 'મને' શાંતિને માટે વાપર્યું છે. પ્રથમનાં બે વાકયોમાં બોલનાર પોતાને માટે 'હું' અને 'મને' વાપરે છે· ત્રીજા વાકયમાં જયશિખર રૂપસુંદરીને કહે છે, તેથી રૂપસુંદરીને બદલે 'તું' વાપરવામાં આવ્યું છે, અને ચોથા વાકયમાં મોહન કાંતિ વિષે કહે છે, પણ કાંતિ પાસે નહિ હોવાથી તેને માટે 'તે' વાપરવામાં આવ્યું છે. હું, તું, અને તે એ બધાં પદ ફરી ફરીને આવતાં નામ માટે વાપરવામાં આવ્યાં છે, તેથી તેને **સર્વનામ** કહે છે; કારણ કે બધાં **(સર્વ) નામ** માટે તે પદનો ઉપયોગ થાય છે. બોલનાર દરેક પોતાને માટે 'હું' સર્વનામ વાપરે છે. તેથી **હું પહેલા પુરુષનું સર્વનામ** છે. વાત કરનાર જેની સાથે બોલે છે, તેને માટે 'તું' વાપરે છે; તેથી 'તું' **બીજા પુરુષનું સર્વનામ** છે. જે પદાર્થ કે પ્રાણી આપણી

પાસે નથી અને તેને વિષે વાત કરવામાં આવે છે, ત્યારે 'તે' વાપરવામાં આવે છે, અને તેથી **'તે' ત્રીજા પુરુષનું સર્વનામ** છે.

૩. હું, તું, તે વગર બીજાં સર્વનામ છે, તે નીચે પ્રમાણે છેઃ—

'કોણ વાત કરે છે'? આ વાકયમાં **'કોણ'** એ વાત કરનાર માણસ માટે વાપર્યું છે? તેથી 'કોણ' સર્વનામ છે. અરે! આ **શું** કર્યું? એમાં કરવાની બાબત માટે **'શું'** વાપરવામાં આવ્યું છે, તેથી 'શું' સર્વનામ છે. **જે** પ્રભુને હુકમ પાળે છે, **તે** સુખી થાય છે. આમાં 'જે' અને 'તે' 'માણસ' ને બદલે વપરાએલાં હોવાથી **જે** અને **તે** સર્વનામ છે.

આ નાઠો. એમાં 'આ' નાસનાર માણસ માટે વાપરવામાં આવ્યું છે, તેથી **આ** સર્વનામ છે. **એ** હવે શું લખે છે? **'એ'** અમુક લખનાર માણસને માટે વાપરવાથી સર્વનામ છે. **પેલો** ક્યાં ગયો? આ વાકયમાં પ્રથમ અમુક માણસની વાત થએલી છે, તેને માટે **પેલો** વાપરવાથી તે સર્વનામ છે. હું **પોતે** તે કામ કરીશ. એમાં **પોતે** બોલનારને માટે વાપરવામાં આવ્યું છે. **આપણે** એક બીજાને મદદ કરવી જોઈએ. એમાં 'આપણે' એ વાત કરનાર અને જેની સાથે તે છે તે બંને માણસને માટે વાપર્યું છે. **આપે** શા માટે તસ્દી લીધી? 'તમે'ને બદલે માન આપવા માટે **'આપ'** વપરાય છે. આવી રીતે હું, તું, તે, કોણ, શું, જે, તે, આ, પેલો, પોતે, આપણે, એ બધાં પદ **સર્વનામ** છે.

૪. નીચેનાં વાકયોમાં નામને બદલે **સર્વનામ** વાપરોઃ—

(૧) એક ફકીર જંગલમાં રહેતો હતો. ફકીર બરાબર તપાસીને જોતો. એક વખત ફકીરે ઊંટનાં પગલાં જોયાં. ફકીરે વિચાર્યું, કે ઊંટ નાસીને આવેલું હશે. ઊંટની એક બાજુએ મધ હશે, એમ ફકીરે ધાર્યું. વળી ઊંટ એક આંખે કાણું હશે, એમ ફકીરે કલ્પના કરી.

(૨) મનુએ એક કેરી જોઈ. મનુને કેરી ખાવાનું મન થયું. મનુએ કહ્યું, કે કેરી સારી છે. મનુએ કેરી ખાધી.

(૩) એક રાજા હતો. રાજાને બે રાણી હતી. રાજાની રાણીનાં નામ શાંતા અને કાંતા હતાં. રાજાને શાંતા વહાલી હતી. શાંતાને વિક્રમ નામે કુંવર હતો. વિક્રમ મોટો થયો, ત્યારે રાજાએ તેને સારી તાલીમ આપી.

(૪) રામ ઉત્તમ રાજા હતા. રામે સીતાનો ત્યાગ કર્યો. રામે સીતાને ઋષિના આશ્રમમાં મોકલી. સીતાને લવ અને કુશ નામે બે દીકરા હતા. લવ અને કુશને રામ જોડે લડવું પડયું.

(૫) એક ગવૈયાને મેં જોયો. ગવૈયો સારૂં વગાડતો હતો. ગવૈયાના ગાવાથી ઘણા લોકો ભેગા થયા. લોકોએ ગવૈયાને પૈસા આપ્યા પછી લોકોએ ગવૈયાને કહ્યું, કે ગવૈયા, ખાઈ પી આનંદ કરજે.

(૬) ચીમન પાસે મોટર હતી. ચીમને મોટર વસનજીને આપી. વસનજી મોટર લઈ સહેલ કરવા ગયો. રસ્તામાં મોટર અટકી પડી. વસનજીએ મોટરને દુરસ્ત કરાવી. મોટર ચીમનને પાછી આપી.

(૭) રામો ખેડુત છે. રામાએ ખેતર ખેડયું હતું. રામાના ખેતરમાં પાક ઠીક થયો. રામાએ પાકને બજારમાં વેચ્યો. રામાને પાક વેચવાથી સારો નફો થયો.

(૮) અલાઉદ્દીન ખીલજી દિલ્હીનો પાદશાહ હતો. અલાઉદ્દીને અલફ્ખાનને ગુજરાત જીતવા મોકલ્યો. અલફ્ખાને ગુજરાતની રાજધાની પાટણ લીધું. પાટણમાંથી કરણ નાસી ગયો. કરણ દક્ષિણમાં નાઠો. અલાઉદ્દીને કરણની દીકરી દેવળદેવીને લેવા લશ્કર મોકલ્યું.

(૯) આ ચોપડી કાંતિની છે. કાંતિએ ચોપડીના છ આના આપ્યા. કાંતિ ચોપડી વાંચતો નથી. કાંતિ ચોપડી વેચી દેશે.

૫. નીચેનાં વાકયોમાંથી **સર્વનામ** શોધી કાઢો:—

(૧) મેં પોતે તેને એક ચોપડી આપી હતી. (૨) આપણે દરરોજ વખતસર કામ કરવું. (૩) તમે બહાર ફરવા જાઓ છો?

(૪) કેટલાક માણુસો આળસુ હોય છે, તેથી તેઓ બરાબર કમાતા નથી. (૫) છોકરાએ પોતાના પૈસા પેટીમાં મૂકી તેને તાળું માર્યું. (૬) તમે, તે, અને હું બધા આજે મંદિરમાં જઈશું. (૭) જો કુતરાને પાળીએ, તો તે આપણા ઘરની ચોકી કરે છે. (૮) સિંહે ગુલામને જોયો, પણ તેણે તેને ઈજા કરી નહિ. (૯) છોકરો શું કહે છે, તે સમજાતું નથી. (૧૦) આજે તમારી પાસે કોણ આવ્યું હતું ? (૧૧) સર્વને પૈસા બહુ ગમે છે, પણ કોઈ કોઈ તો તેનો ત્યાગ પણ કરે છે. (૧૨) ટપાલી પાસે બહુ કાગળ હતા, તોપણ તેણે તે જલદીથી વહેંચી દીધા. (૧૩) કેટલાક માણુસોએ એક આંધળા ભિખારીને ગાતાં જોયો. તેનો કંઠ મધુર હતો. તેને તેમણે પૈસા આપી રાજી કર્યો. (૧૪) જ્યાંસુધી તું ચિત્ત દઈ કામ કરીશ, ત્યાંસુધી તને હરકત પડશે નહિ. (૧૫) તમે કેમ બૂમ પાડી ? તમને કંઈ બીક લાગે છે ? (૧૬) કોઈ પૈસાદાર હોય છે, અને કોઈ ગરીબ માલમ પડે છે. (૧૭) પેલો શું કરશે, તે તમે જાણો છો ? (૧૮) એવો કયો માણુસ હોય, કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે કપાળ ધોવા જાય ! (૧૯) આપણે બધા વગરવિચાર્યું કંઈ કરીશું નહિ. (૨૦) શેઠ પોતે બજારમાં શાક લેવા જાય છે. (૨૧) જેવો તેનો દાબ, તેવો તેને ફાયદો. (૨૨) આપે આવા કામમાં ચિત્ત ઘાલવું જોઈએ. (૨૩) ફળ લઈ કોણ નાઠું ? તે પેલો જાય. (૨૪) તમારા વર્તન ઉપર આખા કુટુંબના સુખનો આધાર છે. (૨૫) હવે હરકોઈ ફાવે તેમ બોલે છે. (૨૬) કોણ આવ્યું છે ? (૨૭) મને તેની કંઈ ખબર નથી. (૨૮) કેટલાકને આ વાત રુચતી નથી, પણ અમે તો તે કરીશું. (૨૯) તમારી પોતાની ગાડી ક્યાં છે ? (૩૦) જે માણુસે તમને ઠગ્યા હતા, તે હવે પરગામ ગયો છે.

૬. સર્વનામ આવે એવાં દસ વાક્યો લખો.

પાઠ ૫ મો

વિશેષણ

૧. 'છોકરો જાય છે.' એમાં 'છોકરો' નામ છે, અને 'જાય છે' એ ક્રિયાપદ છે; પણ તે ઉપરથી આપણે છોકરા વિષે કંઈ વધારે જાણતા નથી. તે કેવો છે, મોટો કે નાનો, તથા જાડો કે પાતળો તે માત્ર 'છોકરો' એ નામ ઉપરથી સમજાતું નથી; તેથી તે કેવો છે એ જાણવા માટે તેની સાથે બીજો શબ્દ મૂકવામાં આવે છે.

૧. છોકરી વાંચે છે.	૧. **નાની** છોકરી વાંચે છે.
૨. પક્ષી ગાય છે.	૨. **બે** પક્ષી ગાય છે.
૩. ગાય ચરે છે.	૩. **લાલ** ગાય ચરે છે.
૪. ઘોડો દોડતો જાય છે.	૪. **પેલો** ઘોડો દોડતો જાય છે.
૫. દૂધ ઢળી ગયું.	૫. **ઘણું** દૂધ ઢળી ગયું.
૬. કેરી પડી.	૬. **પાકી** કેરી પડી.

'છોકરી વાંચે છે' એમાં છોકરી **કેવી** છે તે જણાતું નથી, તેથી 'નાની' શબ્દ તેની આગળ મૂકવામાં આવ્યો છે. છોકરી **કેવી** છે તે 'નાની' શબ્દથી સમજાય છે. નાની છોકરી વાંચે છે. એ વાક્યમાં પહેલાંના કરતાં છોકરી સંબંધી વધારે જાણવાનું મળે છે. તેવી રીતે 'પક્ષી ગાય છે' એમાં 'બે પક્ષી' લખવાથી **કેટલાં** પક્ષી ગાય છે તે સમજાય છે. 'ગાય ચરે છે' એમાં 'લાલ ગાય' લખવાથી **કેવી જાતની** ગાય ચરે છે એ સ્પષ્ટ થાય છે. 'ઘોડો દોડતો જાય છે' 'એમાં **કયો** ઘોડો' એનું જ્ઞાન 'પેલો' એ શબ્દથી મળે છે, એટલે ઘોડાનો અર્થ વધારે જાણવામાં આવે છે. તેવી રીતે 'ઘણું દૂધ' 'પાકી કેરી' જેવા શબ્દોમાં 'ઘણું' અને પાકી' શબ્દથી દૂધ અને કેરીની માહીતી **વિશેષ** મળે છે. ત્યારે 'નાની,' 'બે,' 'લાલ,' 'પેલો,' 'ઘણું,' 'પાકી,' એ શબ્દો નામ

સાથે સંબંધ ધરાવી તેના અર્થમાં વધારો કરે છે, એટલે તે તેમનો **વિશેષ અર્થ** બતાવે છે. હવે એ ઉપરથી એ નિયમ નીકળે છે, કે **જે શબ્દ નામના અર્થમાં વધારો (વિશેષ અર્થ) બતાવે છે, તે વિશેષણ કહેવાય છે.** જે નામનો તે વિશેષ અર્થ બતાવે છે, તેને **વિશેષ્ય** કહે છે. નાની છોકરી એમાં **'નાની' વિશેષણ** અને **'છોકરી' વિશેષ્ય** છે. કેટલીક વખત વિશેષણ નામની પછી આવે છે; જેમકે નદીનું પાણી **ચોકખું** છે. શિઆળામાં ખોરાક **મીઠો** લાગે છે. વનનો રાજા સિંહ **ઉદાર** હોય છે. આ ચોપડી ગંદી છે.

૨. નીચેનાં વાક્યોમાંથી **વિશેષણ** અને **વિશેષ્ય** બતાવોઃ—

(૧) નર્મદા મોટી નદી છે. (૨) તેણે જાડી ભેંસ લીધી. (૩) ચાર કાગળ આપો. (૪) છગને કાચી કેરી લીધી. (૫) આ રૂપાળું રમકડું છે. (૬) ઝાઝી કીડી સાપને તાણે. (૭) નાનાં છોકરાંએ થોડાં જામફળ ખાવાં. (૮) અકબર ડાહ્યો તથા બહાદુર રાજા હતો. (૯) નિશાળમાં વીસ છોકરીઓ છે. (૧૦) તેણે ઘણાં બોર લીધાં. (૧૧) શિઆળામાં બહુ ટાઢ પડે છે. (૧૨) વાઘ વિકરાળ પ્રાણી છે. (૧૩) કુતરાની પુછડી વાંકી રહે છે. (૧૪) મૂર્ખ માણસ ઉતાવળીઓ હોય છે. (૧૫) ચાર લુટારૂઓએ તેને ખૂબ મારી બધો પૈસો લઈ લીધો. (૧૬) બેદરકાર છોકરો વર્ગમાં પાછળ રહે છે. (૧૭) હોશિયાર કારીગર ઘણોખરો આળસુ હોય છે. (૧૮) તેના મોટા ભાઈ પાસે એક સુંદર પોપટ હતો. (૧૯) ગરીબ લોકો સંતોષી અને માયાળુ હોય છે. (૨૦) ઉનાળાના સખત તાપમાં તળાવમાં થોડું પાણી હોય છે. (૨૧) ડાહ્યા માણસો વખતનો સારો ઉપયોગ કરે છે. (૨૨) બાગમાં સુંદર પક્ષી બોલે છે. (૨૩) નવરાત્રીમાં મધુર ગીત સાંભળવામાં આવે છે. (૨૪) વિશ્વામિત્રે ઘણું તપ કર્યું. (૨૫) ચોમાસામાં ઢોરને લીલું ઘાસ મળે છે. (૨૬) શિઆળે શીતળ વા વાય. (૨૭) કાશી ઘણું પવિત્ર સ્થળ છે. (૨૮) મુંબઈ મોટું બંદર છે. (૨૯) અંધારી રાતે

તારા ઝગઝગે છે. (૩૦) લીલો રંગ ગમે છે.

૩. નીચેની ખાલી જગામાં વિશેષણ મૂકોઃ—

(૧) ઘરને——ઓરડા છે. (૨)——રાજા રૈયતનું રક્ષણ કરે છે. (૩) અમદાવાદ——શહેર છે. (૪) તેણે——લુગડાં પહેર્યાં છે. (૫) સિદ્ધરાજ——રાજા હતો. (૬) ગાય એ——પ્રાણી છે. (૭) તે છોડીનું ગાયન——છે. (૭) શિઆળામાં——કપડાં પહેરવાં જોઈએ. (૯)——માણસ બીજાને મદદ કરે છે. (૧૦) તે——વાગે સ્ટેશને ગયો. (૧૧)——છોકરો દોડે છે? (૧૨) તમે કેવા——છો? (૧૩ કરણ——હતો. (૧૪) બાગમાં——ફૂલ છે. (૧૫) ખેતર——લાગે છે. (૧૬) સિંહનો સ્વભાવ——હોય છે. (૧૭) આ કોયલ કેવા——અવાજથી ટહુકે છે? (૧૮)——ગંગામાં જાત્રાળુ નહાય છે. (૧૯)——ચોપડી તેણે નાખી દીધી. (૨૦)——છોકરાં શિક્ષકને વહાલાં હોય છે. (૨૧)——રંગ આંખને ગમે છે. (૨૨)——પાણી પીવું. (૨૩)——શાહીના ડાઘ પડયા છે. (૨૪) સુરત——શહેર છે. (૨૫) હિમાલય——પર્વત છે. (૨૬) તેણે——કપડાં પહેર્યાં છે. (૨૭) ઉનાળામાં——ઝાડ માલમ પડે છે. (૨૮)——કાંતિ——કવિતા વાંચે છે. (૨૯) કરણે——દુઃખ વેઠયું. (૩૦) માધવ——માણસ હતો.

૪. ગરમ, સુંવાળું, હલકું, ગરીબ, ઉંચું, ઉદાર, અજવાળી, નાનો, દુર્ગંધવાળો, થોડું, ધોળું, બીકણ, મહેનતુ, ચોકખું, વાંકું, આનંદી, ઘરડાં, ખૂબસુરત, સુખી, આ વિશેષણથી ઉલટા અર્થવાળાં વિશેષણ શોધી કાઢી તે દરેકનું એકેક વાકય બનાવો.

૫. વિશેષણ આવે એવાં દસ વાકય લખો.

પાઠ ૬ ઠ્ઠો

ક્રિયાવિશેષણ

૧. જેવી રીતે નામનો વિશેષ અર્થ વિશેષણથી જણાય છે, તેવી રીતે ક્રિયાપદનો પણ વિશેષ અર્થ અમુક શબ્દ તેની પહેલાં મૂકવાથી બતાવી શકાય છે. દા. નદીનું પાણી વહે છે. એમાં 'વહે છે' એ ક્રિયાપદ છે; પણ એ વહેવાની ક્રિયા કેવી રીતે થાય છે તે કંઈ જણાતું નથી. હવે જો નદીનું પાણી **ધીમેથી** વહે છે એમ કહેવામાં આવે, તો વહેવાની ક્રિયા **કેવી રીતે** થાય છે તે સમજાય છે.

૧. છોકરૂં ખાય છે.	૧. છોકરૂં **ઉતાવળે** ખાય છે.
૨. ઝાડ પડયું.	૨. ઝાડ **એકદમ** પડયું.
૩. મગન નાસી ગયો.	૩. મગન **હમણાં** નાસી ગયો.
૪. ચકલી ચીં ચીં કરે છે.	૪. ચકલી **બહુ** ચીં ચીં કરે છે.
૫. ભિખારી ઊંઘી ગયો.	૫. ભિખારી **ઘસઘસાટ** ઊંઘીગયો
૬. તમે બેસો.	૬. તમે **નીચે** બેસો.

૨. છોકરૂં ખાય છે.' એમાં 'ખાય છે' એ એકલા શબ્દથી ખાવાની ક્રિયા કેવી રીતે થાય છે તે માલમ પડતું નથી; પણ 'ઉતાવળે' એ શબ્દ વડે તે **કેવી રીતે** ખાય છે તે જણાય છે. પ્રથમના કરતાં બીજા વાકયથી ક્રિયાપદના અર્થમાં વધારો થાય છે. 'ઝાડ પડયું' તેમાં **કેવી રીતે** 'ઝાડ પડયું' તે સ્પષ્ટ સમજાતું નથી; પણ 'એકદમ પડયું' એમ કહેવાથી કેવી રીતે પડવાની ક્રિયા થઈ તે તરત સમજાય છે, અને તેથી આપણે પડવાની ક્રિયા વિષે વધારે સારી રીતે જાણીએ છીએ. તેવીજ રીતે 'મગન હમણાં નાસી ગયો' એમાં હમણાં શબ્દથી **કયારે** નાસવાની ક્રિયા થઈ તે જણાય છે. 'ચકલી ચીં ચીં કરે છે' તેમાં ચીં ચીંની ક્રિયા સંબંધી કંઈ વધારે માલમ પડતું નથી; પણ જયારે

'બહુ ચીં ચીં કરે છે' એમ કહીએ છીએ, ત્યારે ચીં ચીંની ક્રિયા બહુ થાય છે એમ જાણવામાં આવે છે. 'ભિખારી ઊંઘી ગયો' એ વાક્યમાં 'ઊંઘવાની' ક્રિયા **કેવી રીતે** થાય છે તે સમજાતું નથી; પણ 'ઘસઘસાટ ઊંઘી ગયો' એમ કહેવાથી કેવી રીતે ઊંઘી ગયો એ સ્પષ્ટ થાય છે. 'તમે બેસો' એમાં ક્યાં બેસવું એ માલમ પડતું નથી, પણ 'નીચે બેસો' એમ બોલવાથી બેસવાની ક્રિયા વિષે વધારે સમજાય છે. આવી રીતે નામની માફક કેટલાક શબ્દો ક્રિયાપદનો પણ '**કેવી રીતે**,' '**ક્યાં**' '**ક્યારે**' એમ વિશેષ અર્થ બતાવે છે; તેથી એ નિયમ નીકળે છે, કે **જે શબ્દ ક્રિયાનો વિશેષ અર્થ બતાવે છે, એટલે તેના અર્થમાં વધારો કરે છે, તે ક્રિયાવિશેષણ કહેવાય છે.**

૩. નીચેનાં વાક્યોમાંથી **ક્રિયાવિશેષણ** શોધી કાઢોઃ—

(૧) છોકરો વહેલો આવે છે. (૨) પક્ષી ઉંચે ઊડે છે. (૩) સિંહે એકદમ ઉંદરને પકડયો. (૪) અહમદ સફાઈબંધ લખે છે. (૫) તમે ધીમેથી ખાઓ છો ? (૬) તેની કલમ તરત ભાગી ગઈ. (૭) અમારે ત્યાં આજે મિજબાની છે. (૮) પડી જવાથી મનહર ઘણું રડયો. (૯) પ્રતાપ છેવટ સુધી ખૂબ લડયો. (૧૦) છોકરાંએ વર્ગમાં મોટેથી બોલવું નહિ. (૧૧) દિલ્હી બહુજ આઘે છે. (૧૨) કાંતિ તાણીને વાંચે છે. (૧૩) રાત્રે બહુ અંધારૂં હોય, ત્યારે બહાર જવું નહિ. (૧૪ બગીચામાં ફૂલ ખૂબ ખીલ્યાં છે. (૧૫) તેણે ગુસ્સામાં સ્લેટ નીચે નાખી દીધી. (૧૬) હજુ તમે ત્યાં રહો છો ? (૧૭) તે હમણાં અહીં આવવાનો છે. (૧૮) ગાડી મોડી આવી. (૧૯) સસલું આગળ દોડયું; કાચબો પાછળ રહ્યો. (૨૦) સસલું ઝટ ઊંઘી ગયું. ૨૧ કાચબો ધીમે ધીમે ચાલ્યો. (૨૨) સસલું એકદમ ગયું. (૨૩) કાચબો નજીક પહોંચ્યો હતો. (૨૪) છોકરાએ સ્પષ્ટ વાંચવું. (૨૫) છાપરૂં એકદમ તૂટી પડયું. (૨૬) વરસાદ ઝપાટાબંધ પડયો. (૨૭) મુસાફર જંગલમાં બહુ ભટકયો. (૨૮) મેં મોટર સપાટાબંધ હાંકી. (૨૯) ઝાડને અથડાવાથી તે તરત ભાગી ગઈ. (૩૦) તમે જલદી આવજો.

નીચેની ખાલી જગામાં ક્રિયાવિશેષણ મૂકોઃ—

(૧) ઘુવડ——બોલે છે. (૨) ચોમાસામાં જંતુ——મરી જાય છે. (૩) આળસુ માણસનો વખત——જતો નથી. (૪) પૃથ્વીરાજ——લડયો. (૫) હિસાબ——ગણવા. (૬) તમને ભૂગોળ——આવડે છે. (૭) સોરાબ——આવ્યો. (૮) તમારી નોટબુક——લખેલી છે ? (૯) આજે ટપાલ——આવી. (૧૦) આ વાંદરૂં——કૂદ્યું. (૧૧) બધા છોકરા——હસી પડયા. (૧૨) છોકરૂં——ચાલે છે. (૧૩) ફૂંક મારવાથી દેવતા——સળગ્યો. (૧૪) જંગલી લોકો ગુનેગારને——મારી નાખે છે. (૧૫) થોડા વરસાદથી પાક——થતો નથી. (૧૬) તમારે ત્યાં તે——આવશે. (૧૭) માંદો માણસ——ચાલે છે. (૧૮) પવન——વાય છે. (૧૯) તે——રમે છે. (૨૦) છોકરીએ——ગાયું. (૨૧) તેને પાસ થવાની——ખાતરી છે. (૨૨) સૂર્યનો તાપ——પડે છે. (૨૩) રાત્રે વરસાદ——પડયો. (૨૪) ખોરાક——ખાવો જોઈએ. (૨૫) વાઘે——બકરા ઉપર તરાપ મારી. (૨૬) દુકાન——સળગી. (૨૭) તે——આવશે. (૨૮) નિશાળે જવાનો——વખત થયો નથી. (૨૯) ગુનેગારે——બચાવ કર્યો. (૩૦) ઘોડો——ભડકયો.

૫. નીચેનાં ક્રિયાવિશેષણ વાકયમાં વાપરોઃ—

તરત, બરાબર, ધીમે ધીમે, પાછળ, જલદી, અહીંઆં, પહેલાં આગળ, બહુ, એકદમ, આમતેમ, ત્યાં, તદન, જરાક, લગભગ, થોડું, પછીથી, હમણાં, ઉપર, નીચે હજી.

પાઠ ૭ મો

સકર્મક અને અકર્મક ક્રિયાપદ

૧. વાક્યના મુખ્ય બે ભાગ હોય છે; એક ભાગ કર્તા, અને બીજો ક્રિયાપદ. એ વિષે તમે અગાઉના પાઠમાં શીખી ગયા છો. 'તે જાય છે'. એમાં 'તે' કર્તા એટલે જવાની ક્રિયા કરનાર છે; અને 'જાય છે.' એ ક્રિયાપદ છે, એટલે તે જવાની ક્રિયા બતાવે છે. કેટલાંક ક્રિયાપદ એની મેળે પુરો અર્થ બતાવે છે, અને કેટલાંકનો અર્થ પુરી રીતે સમજવાને માટે તેની પહેલાં અમુક શબ્દ વાપરવાની જરૂર પડે છે.

૨. (૧) છગન જાગ્યો.	(૪) પક્ષી ઊડે છે.
(૨) તે આવે છે.	(૫) પત્થર પડ્યો.
(૩) છોડ ઊગ્યો.	(૬) છોકરો નાઠો

'છગન જાગ્યો.' એ વાક્યમાં 'જાગ્યો' એ ક્રિયાપદ છે, અને તેનો અર્થ બરાબર સમજાય છે; એટલે તેમાં નવો શબ્દ ઉમેરવાની જરૂર રહેતી નથી, તેવી રીતે 'તે આવે છે,' 'છોડ ઊગ્યો,' 'પક્ષી ઊડે છે,' 'પત્થર પડ્યો' અને 'છોકરો નાઠો' એમાં 'આવે છે,' 'ઊગ્યો,' 'ઊડે છે,' 'પડ્યો' અને 'નાઠો' એ ક્રિયાપદોથી સૂચવેલી ક્રિયા પુરી સમજાય છે; એટલે કે વાક્યનો વિચાર પુરો સમજાય છે.

૧. તે ખાય છે.	૧. તે **કેરી** ખાય છે.
૨. શાંતિ લાવ્યો.	૨. શાંતિ **કલમ** લાવ્યો.
૩. સુથારે બનાવી.	૩. સુથારે **પેટી** બનાવી.
૪. રામે જોયો.	૪. રામે **સૂર્ય** જોયો.
૫. તું ફેંકે છે.	૫. તું **પત્થર** ફેંકે છે.
૬. માસ્તરે આપી.	૬. માસ્તરે **ચોપડી** આપી.

આ વાક્યો તપાસી જોતાં માલમ પડે છે, કે તેમનો અર્થ પુરો સમજાતો નથી. 'તે ખાય છે' એમાં 'શું ખાય છે' એ જાણવાની ઇચ્છા થાય છે. ફક્ત 'ખાય છે' એ શબ્દથી સંતોષ થતો નથી; પણ 'તે કેરી ખાય છે' એમ કહેવાથી તે વાક્યનો અર્થ બરાબર સ્પષ્ટ થાય છે.

આવી રીતે ઉપરનાં વાક્યોમાં 'કેરી,' 'કલમ,' 'પેટી,' 'સૂર્ય,' 'પત્થર,' અને 'ચોપડી,' જેવા વધારાના શબ્દો મૂકવાથી તે વાક્યોનો અર્થ પુરી રીતે સમજાય છે; તેથી 'કેરી,' 'કલમ,' 'પેટી,' 'સૂર્ય,' 'પત્થર,' 'ચોપડી,' એ શબ્દોને કર્મ કહે છે; કારણ કે 'તે કેરી ખાય છે' એમાં ખાવાની શી ક્રિયા થાય છે, તે 'કેરી' શબ્દથી સમજાય છે. તેવી રીતે 'લાવ્યો'નું કર્મ **કલમ** છે. 'બનાવી'નું કર્મ **પેટી** છે. છે. 'જોયો'નું કર્મ **સૂર્ય** છે. 'ફેંકે છે'નું કર્મ **પત્થર** છે, તેમજ 'આપી'નું કર્મ **ચોપડી** છે. ત્યારે જે શબ્દ ક્રિયાનો અધુરો અર્થ પુરો કરે છે, અને **જેના ઉપર ક્રિયાની અસર** થાય છે તે કર્મ કહેવાય છે. કોઈ પણ વાક્યમાં કર્મ શોધી કાઢવું હોય, તો 'શું' થી સવાલ પૂછવો. દા. તે શું ખાય છે? શાંતિ શું લાવ્યો? સુથારે શું બનાવ્યું? સામાન્ય રીતે 'શું' પ્રશ્નનો જે જવાબ આવે છે, તે કર્મ હોય છે. **જે ક્રિયાપદને કર્મ હોય છે, તે સકર્મક** (સ+કર્મ+ક એટલે કર્મ સહિત) **ક્રિયાપદ** કહેવાય છે.

કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે. દા. (૧) રાજાએ **બ્રાહ્મણને** દક્ષિણા આપી. (૨) અકબરે **બીરબલને સેનાપતિ** નીમ્યો હતો. (૩) મેઘાણીએ **અમને** રસિક **વાર્તા** કહી હતી. આ વાક્યોમાં બબ્બે કર્મ છે. પહેલામાં દક્ષિણા અને **બ્રાહ્મણ**, બીજામાં **સેનાપતિ** અને **બીરબલ**, ત્રીજામાં **વાર્તા** અને **અમને.** આવાં કર્મ શોધવાને 'શું' અને 'કોને' એવા સવાલ કરવાથી બંને કર્મ જડી આવે છે, તેથી કેટલાંક વાક્યોમાં કર્મ શોધવા માટે 'શું' અને 'કોને'થી સવાલ પૂછવા. 'છગન જાગ્યો' વગેરે વાક્યોમાં કર્મ નથી, તેથી તેમાંનાં ક્રિયાપદો **અકર્મક**

(અ+કર્મ+ક=જેમાં કર્મ નથી તે) કહેવાય છે; કારણ કે 'જાગવાની' ક્રિયાની અસર બીજા કોઈ ઉપર થતી નથી, પણ છગન ઉપર થાય છે; તેથી તે અને બીજાં ક્રિયાપદોને કર્મ નહિ હોવાથી તે અકર્મક ક્રિયાપદ કહેવાય છે. ક્રિયાપદ ઓળખવાને માટે જો 'કોણ' અને 'શું' એ સવાલનો જવાબ એકજ આવે, તો તે અકર્મક માલમ પડે છે. 'પક્ષી ઊડે છે' એમાં કોણ ઊડે છે? પક્ષી. શું ઊડે છે? પક્ષી. આવી રીતે અકર્મક ક્રિયાપદ ઓળખી શકાય છે. પરંતુ ક્રિયાપદમાં 'કોણ' અને 'શું'ના જવાબ જુદા જુદા આવે, તો તે સકર્મક ક્રિયાપદ કહેવાય છે. 'કોણ' કેરી ખાય છે? તે. શું ખાય છે? કેરી. આવી રીતે અકર્મક અને સકર્મક ક્રિયાપદ ઓળખી શકાય છે.

૩. નીચેનાં વાક્યોમાંથી અકર્મક અને સકર્મક ક્રિયાપદ શોધી કાઢોઃ—

(૧) રામ વનમાં ગયા, અને સાથે સીતા ગયાં. (૨) તેણે પિતાની આજ્ઞા પાળી. (૩) હનુમાને સીતાજીની શોધ કરી અને લંકા બાળી. (૪) બળદ ગાડું ખેંચે છે. (૫) રસ્તામાં જતાં તેને કાંટો વાગ્યો. (૬) અલાઉદ્દીને ગુજરાત જીત્યું. (૭) આકાશમાંથી વીજળી પડી, અને ઝાડ બળી ગયું. (૮) વધારે વરસાદ પડવાથી ખેતીને નુકસાન થાય છે. (૯) શેઠે હવાઈ વિમાનમાં સફર કરી. (૧૦) જે જુગાર રમે છે, તે આખરે પાયમાલ થાય છે. (૧૧) તમે આજે ક્યાં ફરવા ગયા હતા? (૧૨) રામચંદ્રજીએ રાવણને માર્યો, અને લંકા લીધી. (૧૩) અહમદ આફ્રિકાથી પાછો આવ્યો છે. (૧૪) એક છોકરાએ પક્ષીને કાંકરો માર્યો, એટલે તે ઊડી ગયું. (૧૫) પોપટ મરચાં બહુ ખાય છે. (૧૬) બાબુ હિસાબ ગણતો નથી, પણ કૉપિ કાઢે છે. (૧૭) કંદોઈ પતાસાં તથા રમકડાં વેચે છે. (૧૮) લશ્કર હારવાથી ભીમ નાઠો. (૧૯) મનહરને ગાતાં આવડે છે? (૨૦) ખેતરમાં ઘણું ઘાસ ઊગે છે. (૨૧) વખત જલદી જાય છે. (૨૨) મેં તેને ચોપડી વાંચવા આપી છે. (૨૩) છોકરો દાદરેથી

પડયો, અને તેને ઘણું વાગ્યું (૨૪) શિકારીએ એક ગોળી મારી વાઘને નીચે પાડયો. (૨૫) ખાતાં ખાતાં તેને ઘણી વાર લાગે છે.

૪. નીચેની ખાલી જગામાં કર્મ મૂકો:—

(૧) હનુમાન લંકામાં——શોધવા ગયા. (૨) રાજા——આપે છે. (૩) મીનળદેવીએ——બંધાવ્યું. (૪) બિલાડી——પકડે છે. (૫) લલ્લુ ચપ્પુથી——કાપે છે. (૬) શા માટે તે——આપતો નથી ? (૭) મેળામાંથી કીકી——લાવી. (૮) કીડી——લઈ જાય છે. (૯) શિક્ષક——શીખવે છે. (૧૦) આકાશમાં ઊડતાં ગરૂડે——જોયો. (૧૧) દુકાનમાં પેસી ચોર——લઈ ગયો. (૧૨) તેણે તેના મોટા ભાઈને——લખ્યો. (૧૩) લાલશંકરે બહુ——ખાધા. (૧૪) મજુર ——કરે છે, અને——કમાય છે. (૧૫) ૧૦૨૪માં મહમદ ગીઝનીએ ——લીધું, અને તેણે——લૂટયું. (૧૬) કડીઆ——બાંધે છે, અને સુથાર——બનાવે છે. (૧૭) હંમેશાં તે——ગાય છે. (૧૮) ખેડુત ખેતરમાંથી——લાવ્યો. (૧૯) દરજી——સીવે છે. (૨૦) ગોવિંદ—— બનાવે છે. (૨૧) તમે કેટલા——લીધા. (૨૨) ભીમે——હરાવ્યો. (૨૩) અલાઉદ્દીને પ્રથમ——જીત્યું. (૨૪) બનતાં સુધી તે—— કહી દેશે. (૨૫) તેણે છાનોમાનો——વાંચ્યો, અને——ફાડી નાખ્યો.

૫. નીચે આપેલાં **નામ** તથા **સકર્મક** અને **અકર્મક** ક્રિયાપદ વાપરી વાક્યો બનાવો:—

(अ) કૈલાસ, મરચાં, ડાંગર, લીમડો, તારા, નદી, બૂટ, ગાડી, બાયડી, પોપટ, પ્રાણી, ઘર, આકાશ, નદી, બાગ, કલમ, ઝાડ, પાણી, પ્રાણલાલ, લંબાઈ, ટોળું, ઘી, કલાઈ, શાહી, હોશિયારી, સુગંધ, ગરમી, કીર્તન, ઘોંઘાટ, ઉંચાઈ.

(ब) ભરે છે, ઊંઘી ગયો, ગાય છે, કહે છે, તરે છે, વાગ્યું, પૂછયું, ખાય છે, ઉઘાડયું, ગયો હશે, કર્યું હતું, લખે છે, ઊડયું, પડી છે, ચાલ્યો, ઊડે છે, લીધું, બતાવ્યું, કહેશે, મારે છે, આપ્યું, શીખે છે, ગણશે, ખાય છે, વાગે છે.

પાઠ ૮ મો

અવ્યય

૧.(अ) ૧. છોકરો **ધીમો** આવ્યો.	(ब)૧. છોકરો **એકદમ** નાઠો.
૨. છોકરી **ધીમી** આવી.	૨. છોકરી **એકદમ** નાઠી.
૩. છોકરૂં **ધીમું** આવ્યું.	૩. છોકરૂં **એકદમ** નાઠું.
૪. ઘોડો **કેવો** ચાલ્યો ?	૪. ઘોડો **ઝટ** ચાલ્યો.
૫. ઘોડી **કેવી** ચાલી ?	૫. ઘોડી **ઝટ** ચાલી-
૬. ઘોડું **કેવું** ચાલ્યું ?	૬. ઘોડું **ઝટ** ચાલ્યું.

अ ખાનામાં ધીમો, ધીમી, ધીમું એ આવ્યો, આવી, આવ્યું એ ક્રિયાપદોનાં ક્રિયાવિશેષણ છે, પણ તેના રૂપમાં ક્રિયાપદની પેઠે ફેરફાર થાય છે. **ब** ખાનામાં 'એકદમ' અને 'ઝટ' જેવાં પદોમાં તેવો કંઈ ફેરફાર થતો નથી; તેથી જે પદના રૂપમાં કંઈ ફેરફાર થતો નથી, તેને **અવ્યય** (અ=નહિ; વ્યય=ફેરફાર) કહે છે. કેટલાંક એવાં પદ છે કે જેના રૂપમાં ફેરફાર થાય છે. દા. છગને ચોપડી લીધી, છગનની સાથે તે ગયો, છગનને રૂપીઓ આપો, આ છગનનું ઘર છે, તેનો છોકરો આવ્યો, આ સારી છોકરી છે, પેલું સારૂં છોકરૂં છે. આ પ્રમાણે નામ, સર્વનામ, અને વિશેષણમાં ફેરફાર થાય છે. તેવીજ રીતે આવ્યો, આવી, આવ્યું, ક્રિયાપદોમાં ફેરફાર થયો છે. આવી રીતે નામ વિશેષણ, ક્રિયાપદ, અને સર્વનામના રૂપમાં ફેરફાર થાય છે; પણ નીચેનાં વાક્યોનાં અમુક પદમાં ફેરફાર થતો નથીઃ—

(૧) મેજ **ઉપર** ચોપડી છે. (૨) ઘરની **આસપાસ** બગીચો છે. (૨) ગંદી છોકરી **ખૂબ** રડી. (૪) કુતરો બિલાડી **પાછળ** દોડયો. (૫) **અહો** ! તમે તો ઠીક કર્યું !

આ વાકયોમાં **ઉપર, આસપાસ, ખૂબ પાછળ, અહો** જેવાં પદોમાં કંઈ ફેરફાર થતો નથી, તેથી તેને **અવ્યય** કહે છે.

૨. ખરાબ છોકરો પજવે છે.
ખરાબ છોકરી પજવે છે.

ખરાબ છોકરૂં પજવે છે.

આ વાક્યમાં **ખરાબ** પદમાં કંઈ ફેરફાર થતો નથી, માટે તેને અવ્યય કહીશું? **જે પદનાં રૂપમાં કંઈ ફેરફાર થાય નહિ, તે અવ્યય કહેવાય છે.** આ નિયમ મુજબ '**ખરાબ**'ને અવ્યય કહીશું? ના; કારણ કે તે 'છોકરો,' 'છોકરી,' 'છોકરૂં' એ પદના **અર્થમાં** વધારો કરી ગુણ બતાવે છે. તેની રીતે સુંદર, દયાળુ, ગરીબ, મહેનતુ, ચતુર, નરમ, જેવાં વિશેષણોમાં નામનાં રૂપ બદલાયા છતાં કંઈ ફેરફાર થતો નથી, તોપણ તેવાં વિશેષણને અવ્યય કહેતા નથી. **આ** ઉપરથી પ્રથમનો નિયમ સ્પષ્ટ કરવો પડે છે, કે **જે પદ વિશેષણ હોય નહિ, અને જેના રૂપમાં ફેરફાર થાય નહિ, તે અવ્યય કહેવાય છે.**

૩. કેટલાંક અવ્યયના દાખલા નીચે પ્રમાણે આપ્યા છેઃ—

૧. શાંતિ **અને** કાંતિ બજારમાં ગયા.
૨. **જો** તમે કુદરતના નિયમ પાળશો, **તો** તમે સુખી થશો.
૩, આ છોકરો બધાથી **આગળ** આવ્યો.
૪. આંબા **ઉપર** બહુ કેરી છે.
૫. **અરે** ! તેણે કેવું નીચ કૃત્ય કર્યું !
૬. **જો કે** તમે બહુ મહેનત કરી, **તોપણ** તમને જોઈતો લાભ થયો **નહિ.**
૭. લક્ષ્મણ રામ પાસે રહેતા હતા.
૮. જંગલમાં વિકરાળ પશુ હતાં, **પણ** રામ **અને** સીતાએ **ત્યાં** વાસ કર્યો હતો.
૯. શિઆળા પછી ઉનાળો આવે છે.
૧૦. મગન માંદો પડયો, **તેથી** તે વર્ગમાં **પાછળ** રહી ગયો.
૧૧. **અહો!** હવાઈ વિમાન આટલું બધું **ઉંચે** ઊડે છે!

૪. નીચેનાં વાક્યોમાં **અવ્યય** શોધી કાઢોઃ—

(૧) ઈંટ રસ્તા ઉપર પડી છે. (૨) તે ધીમેથી બોલ્યો. (૩) નટુ પતંગ લેવા છાપરા ઉપરથી નીચે ઉતર્યો. (૪) ઘર આગળ કંઈ

ગંદું રાખવું નહિ. (૫) જો આપણે ચોકખા રહીએ, તો ખસ થાય નહિ. (૬) તમે શા માટે જલદી ચાલો છો ? (૭) અરરર ! બિચારો કેવો દુઃખી થાય છે ! (૮) હું સૂર્ય તરફ જોઇ શકતો નથી. (૯) શિવાજીએ હિંદુ રાજ્ય દૃઢતાપૂર્વક સ્થાપ્યું; કારણ કે તે અસાધારણ રીતે કામ કરી શકતો. (૧૦) મારો ભાઈ બહાર ગયો છે. (૧૧) ગાડી અહીંઆં શોભતી નથી. (૧૨) ફૂલણજીભાઈએ બધો પૈસો ખોટી રીતે ખર્ચી નાખ્યો. (૧૩) આ પાઠ તમે હમણાં વાંચશો કે કાલે ? (૧૪) ગોવિંદ ગામની લગભગ આવી પહોંચ્યો. (૧૫) તમને હવે તદ્દન મટી ગયું છે ? (૧૬) તમારી ઘડિઆળ બરાબર ચાલતી નથી. (૧૭) આ પક્ષી ઠીક બોલે છે. (૧૮) ઔરંગઝેબે તેનાં ભાઈભાંડુને ઘાતકી રીતે મારી નાખ્યાં. (૧૯) અહો ! કોયલ કેવું સુંદર ગાય છે ! (૨૦) તડકો હજી આકરો લાગે છે. (૨૧) હિંમતવાન માણસ કદી હિંમત હારતો નથી. (૨૨) શિવાજી ફરી પાછો રાજ મેળવવાના ઉદ્યમે બરાબર વળગ્યો. (૨૩) ખરા નિશ્ચયવાળો માણસ શું ન કરી શકે ? (૨૪) સુથાર અને તેની વહુ આસપાસ જોઈને ગભરાયાં. (૨૫) છોકરાં, છોકરાં, એમ કહી બારણા ભણી દોડયાં. (૨૬) દરીઆના ઉછળતા પાણી જેવું દૂર કંઈક દીઠામાં આવે છે. (૨૭) રણમાં થઈને તે શહેર તરફ જતો હતો. (૨૮) મુસાફર મૃગજળ તરફ ઉતાવળો ઉતાવળો દોડે છે. (૨૯) એમ કરવાથી ઘણાં જનાવર મરતાં બચશે. (૩૦) ખરે, બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે.

૫. નીચેની ખાલી જગામાં **અવ્યય** મૂકોઃ—

(૧) રામ——સીતા વનમાં ગયાં. (૨) નિશાળ——બગીચો નથી. (૩) ઝાડ——પક્ષી રહે છે. (૪)——તમે આવ્યા ? (૫) તમે ગામ——જવાના છો ? (૬) મારૂં ઘર——બાંધેલું છે. (૭)——તમે સાચું બોલશો,——તે તમારા ઉપર વિશ્વાસ રાખશે. (૮)——તેણે બહુ તપ કર્યું,——તેને સ્વર્ગ મળ્યું નહિ. (૯) પવન વાય છે,—— સખત તાપ તાપ પડે છે. (૧૦) માબાપનું કહેવું કડવું લાગે છે,—— આખરે ફાયદો થાય છે. (૧૧) મેં કહ્યું,——તમે આ કામ ચિત્ત દઈને કરો. (૧૨) મંદિર——એક લીમડાનું ઝાડ છે. (૧૩) ઘણાં

વરસ——ઔરંગઝેબ દક્ષિણમાં લડયો. (૧૪) તાપ પડે,——ઝીણાં લુગડાં પહેરવાં. (૧૫) મનુ——વાંચે છે. (૧૬) લલ્લુ——રમ્યો. (૧૭) તે——આવ્યો નથી. (૧૮) હરણ——કૂદે છે. (૧૯) સંપ——જંપ. (૨૦) છોકરાંએ——સંપીને રહેવું. (૨૧)——ઉદ્યોગ કરો——સુખી થશો. (૨૨) ગાડીની સિસોટી સાંભળી મનુ——દોડયો. (૨૩) તે બેઠો હતો,——એક વૃદ્ધ ડોસો આવ્યો. (૨૪) ફકીર જંગલમાં——રહેતો હતો. (૨૫) તે લઈને તેને——ટેકરી ઉપર ચઢવા કહ્યું. (૨૬) તે મહા મહેનતે થોડું ચઢયો,——થાકી ગયો. (૨૭) મારાથી એક ડગલું——ભરાય એમ નથી. (૨૮) તપાવેલી કુલ્લી પાણીમાં——થાય છે. (૨૯) આ બધું જોતાં નજરની વાત——રહી? (૩૦) ખરી વાત માલમ પડે, તો વહેમ——નીકળી જાય.

૬. નીચેનાં **અવ્યયો** વાક્યમાં વાપરોઃ—

જ્યારે, કેમ, પાછળ, બરાબર રીતે, વારંવાર, ક્યાં, સારી રીતે, તરતજ, પછીથી, અહીંઆં, ફરીથી, હમણાં, ત્યાં, ધીમેથી.

૭. અવ્યય આવે એવાં આઠ વાક્યો લખી લાવોઃ—

પાઠ ૯ મો

કૃદંત

૧. તે લખતાં લખતાં
૨. પાંડવોએ વનવાસ ભોગવીને
૩. જંગલમાં જવાને
૪. તે ઘોડા ઉપર ચઢીને
૫. ખાધેલો ખોરાક

ઉપલાં વાક્યોમાં જુદી જુદી ક્રિયા માલમ પડે છે. 'તે લખતાં લખતાં' એમાં 'લખવાની' ક્રિયા જણાય છે, પણ તે શબ્દસમૂહનો અર્થ બરાબર સમજાતો નથી. લખતાં લખતાં શું થયું તે જણાતું નથી; પણ જો એમ કહેવામાં આવે, કે 'તે લખતાં લખતાં થાકી ગયો' તો તે શબ્દસમૂહ વાક્ય થાય છે; કારણ કે ક્રિયાપદ વગર કોઈ

પણ વાક્ય **થઈ** શકતું નથી, એ આપણે પાઠ બીજામાં શીખી ગયા છીએ; તેથી **લખતાં લખતાં** એ પદ ક્રિયા બતાવે છે, પણ તે **ક્રિયાપદ નથી.** આ કારણને લીધે ક્રિયાપદો મૂકીને નીચે પ્રમાણે ઉપર જણાવેલા શબ્દસમૂહોને વાક્યોના રૂપમાં ફેરવી શકાય છે.

૧. તે **લખતાં લખતાં**	૧. તે લખતાં લખતાં **થાકી ગયો.**
૨. પાંડવો વનવાસ **ભોગવીને**	૨. પાંડવો વનવાસ ભોગવીને **પાછા આવ્યા.**
૩. તે જંગલમાં **જવાને**	૩. તે જંગલમાં જવાને **નીકળ્યો.**
૪. તે ઘોડા ઉપર **ચઢીને**	૪. તે ઘોડા ઉપર ચઢીને **પરગામ ગયો.**
૫. **ખાધેલો** ખોરાક	૫. ખાધેલો ખોરાક **પચવો જોઈએ.**

પહેલા શબ્દસમૂહમાં **થાકી ગયો** એ શબ્દ ઉમેરવાથી વાક્ય બને છે; તેવીજ રીતે **પાછા આવ્યા, નીકળ્યો, પરગામ ગયો, પચવો જોઈએ** જેવાં પદો મૂકવાથી વાક્ય બને છે, અને તેથી તેનો અર્થ સ્પષ્ટ થાય છે; આમ **લખતાં લખતાં, ભોગવીને** વગેરે ક્રિયાસૂચક શબ્દો **ક્રિયાપદ નથી;** કારણ કે તેનાથી અર્થ પુરો સમજાતો નથી. આ ઉપરથી એ નિયમ નીકળે છે, કે જે **શબ્દો ક્રિયા બતાવે છે, પણ ક્રિયાપદની પેઠે વાક્ય બનાવી અર્થ પુરો કરતા નથી, તેને કૃદંત કહે છે.** કૃદંતમાં ક્રિયા જણાય છે, પણ કર્તા વિષે શું કહેવાનું છે તે જણાતું નથી, એટલે વાક્યમાં કૃદંત વપરાય, તોપણ અર્થ અધુરો રહે છે.

૨. નીચેનાં વાક્યોમાંથી **કૃદંત** શોધી કાઢો:—

(૧) મેં તેને રસ્તામાં ઉભેલો જોયો. (૨) બહુ પાકેલી કેરીઓ આંબા ઉપર છે. (૩) ભસતો કુતરો કરડતો નથી. (૪) રડતું છોકરૂં ગમે નહિ. (૫) તેનો લખેલો કાગળ પડી ગયો. (૬) કેટલાક છોકરા સૂતાં સૂતાં વાંચે છે. (૭) તમે ખાતાં ખાતાં બોલો છો? (૮) સવારે

નાહીધોઈને નિશાળે જવું ઠીક છે. (૯) લંકા બાળીને હનુમાને ઠેકડો માર્યો. (૧૦) તે પરગામ જવા નીકળ્યો, પણ અપશુકન થયા. (૧૧) ગમન લખી લખીને કંટાળ્યો. (૧૨) ગઈ તિથિ જોશી ન વાંચે. (૧૩) લખેલા અક્ષર ઉકેલવાનું અને બોલવાનું અઘરૂં છે. (૧૪) તમે રમવા કેમ જતા નથી? (૧૫) લખ્યા લેખ મટતા નથી. (૧૬) તમે બહાર ફરવા જવાના છો? (૧૭) લખતાં લખતાં લહીઓ થવાય. (૧૮) ભાગેલો કાચ તેણે ફેંકી દીધો. (૧૯) તે ઘડિઆળ વગાડવા ગયો. (૨૦) આપેલું વચન પાળવું જોઈએ. (૨૧) જ્યારે તે સુવા ગયો, ત્યારે ઘડિઆળમાં દશ વાગેલા હતા. (૨૨) આખો દિવસ કામ કરીને થાકેલો મજુર તરત ઊંઘી જાય છે. (૨૩) ભાષણ કરનારનો અવાજ બુલંદ હતો. (૨૪) દિવાળીમાં છોકરાં ફટાકડા ફોડતાં જોવામાં આવે છે. (૨૫) ઉનાળામાં ઝાડ સુકાવા માંડે છે.

૩. નીચેની ખાલી જગામાં કૃદંત મૂકોઃ—

(૧) છોકરો જલદીથી——પડી ગયો. (૨)——દેવના બોલવી નાખવો. (૩) અંધારી રાતે——તારા રમણીય લાગે છે. (૪) ઘડિઆળના ટકોરા——તે ઊઠયો. (૫) બજારમાં——મોહન નીકળ્યો. (૬)——તે જાડો થયો. (૭) તમને——કેમ યાદ રહેતું નથી? (૮) દરેક કામ——કરવું. (૯) ચોર કોથળી——પકડાયો. (૧૦) લુગડાં——તળાવમાં શંકર લપસી પડયો. (૧૧)——બળદને આર મારવી નહિ. (૧૨) આ જગતનો——બુદ્ધિશાળી હોવો જોઈએ. (૧૩) સિપાઈને મેં કાગળ——કહ્યું. (૧૪) અન્નનું——લોહીનું——શરીરનું——એ સૌ ચમત્કારી છે. (૧૫) વહાણમાં——દરીઆમાં જઈએ, તો આનંદ થાય છે. (૧૬) સાંજે——સૂર્ય દેખાય છે. (૧૭) દુનિયા ઉપર અમલ——ઈશ્વર છે. (૧૮)——લાંબો પંથ કપાય છે. (૧૯) ચિતારાનું——આ ચિત્ર છે. (૨૦) બર્કનહેડ આગબોટ લડાઈ માટે——હતી. (૨૧) તે——સાંભળતોજ નથી. (૨૨) જે——હોય તે થાય. (૨૩) માણેકચોક આગળ વસ્તી——

જોઈ સાધુ નદીને કાંઠે રહેવા ગયો. (૨૪) છોકરાએ વખતસર નિશાળમાં ——જોઈએ. (૨૫) આ——અહમદશાહ અચરજ પામ્યો.

૪. જુદાં જુદાં કૃદંત વાપરી આઠ વાક્યો લખી લાવો.

પાઠ ૧૦ મો

વાક્યપૃથક્કરણ

ઉદ્દેશ્ય અને વિધેય

૧. વાક્યનાં જુદાં જુદાં પદ જેવાં કે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, અને અવ્યય વિષે તમે થોડુંક શીખ્યા છો. તે ઉપરથી દરેક પદનો વાક્યના જુદા જુદા ભાગ સાથે કેવો સંબંધ છે, તેની સમજણ પડે છે. એક વિચારને શબ્દદ્વારા બરાબર જણાવવાથી એક વાક્ય થાય છે. વાક્યમાં આવતા જુદા જુદા શબ્દો તેનો અર્થ કેવી રીતે બતાવે છે, તે વ્યાકરણથી આપણે જાણીએ છીએ. કેવળ પદનાં નામ, જેવાં કે નામ, સર્વનામ, ક્રિયાપદ વગેરે કહી જવાથી વ્યાકરણનો હેતુ સરતો નથી, પણ આખા વાક્યનો અર્થ સ્પષ્ટ કરવામાં દરેક પદ શું કામ કરે છે, તે જાણવાથી તે બરાબર સમજાય છે, જેવી રીતે પદચ્છેદ (પદ+છેદ એટલે પદના ભાગ પાડવા તે) કરવાથી વાક્યના અર્થની બરાબર સમજણ પડે છે, તેવીજ રીતે વાક્યનું પૃથક્કરણ (પૃથક્+કરણ એટલે જુદા જુદા ભાગો કરવા તે) કરવાથી તેવોજ અર્થ સમજાય છે. તેથી બાળકોને પદચ્છેદ તેમજ વાક્યપૃથક્કરણ જાણવાની જરૂર છે.

૨. 'રમણ જાય છે.' એ વાક્યમાં બે ભાગ છે; 'રમણ' અને 'જાય છે.' આમાં 'રમણ' એ કર્તા છે, એટલે તે જવાની ક્રિયા કરનાર છે, અને વળી તેને વિષે વાત કરવામાં આવી છે. 'જાય છે' એ ક્રિયાપદ છે, અને તે જવાની ક્રિયા બતાવે છે; તેથી 'જાય છે' એમ કહેવામાં

આવ્યું છે. વાક્યમાં અમુક પદાર્થ કે પ્રાણી વિષે કહેવામાં આવ્યું હોય છે, અને તે સંબંધી કંઈક કહેવામાં આવ્યું હોય છે, તેથી દરેક વાક્યના આ પ્રમાણે બે ભાગ પડી શકે છે: **જેને વિષે કહેવામાં આવે છે, તે ઉદ્દેશ્ય કહેવાય છે; અને જે કંઈ કહેવામાં આવે છે, તે વિધેય કહેવાય છે.**

૧. પોપટ બોલે છે.
૨. મગન આવે છે.
૩. બાળક રમે છે.
૪. ઘડિઆળ વાગે છે.
૫. પવન વાય છે.

'પોપટ બોલે છે' એમાં 'પોપટ' વિષે કહેવામાં આવ્યું છે, અને 'બોલે છે' એમ તેને વિષે કહ્યું છે. તેજ પ્રમાણે મગન, બાળક, ઘડિઆળ, અને પવન એ પદો વિષેની ક્રિયા કહેવામાં આવી છે, તેથી તે **ઉદ્દેશ્ય** છે; અને 'બોલે છે,' 'આવે છે,' 'રમે છે,' વાગે છે,' 'વાય છે,' એ ક્રિયાપદોમાં તેમની ક્રિયા વિષે કહેવામાં આવ્યું છે, તેથી તે **વિધેય** છે.

કોને વિષે (ઉદ્દેશી)	શું કહ્યું છે તે (વિધાન)
ઉદ્દેશ્ય	વિધેય
પોપટ	બોલે છે
મગન	આવે છે
બાળક	રમે છે
ઘડિઆળ	વાગે છે
પવન	વાય છે

૩. નીચેની ખાલી જગામાં ઉદ્દેશ્ય મૂકો:—

(૧)——ચરે છે. (૧)——ખાય છે. (૩)——જાય છે. (૪)——પડયો. (૫)——રડે છે. (૬)——ઊંઘે છે. (૭)——બોલે

છે. (૮)——ગાય છે. (૯)——રમ્યો. (૧૦)——લડયો. (૧૧)——લાવ્યો. (૧૨)——કરશે. (૧૩)——ચાલે છે. (૧૪)——આપે છે. (૧૫)——ખોઈ નાખશે. (૧૫)——સુખી છે. (૧૭)——કવિતા ગાય છે. (૧૮)——મરી જાય છે. (૧૯)——આપી દેશે. (૨૦)——જા. (૨૧)——ઉપયોગી પ્રાણી છે; (૨૨)——નાસી ગયું. (૨૩)——બહુ પડયાં. (૨૪)——શિકાર કરે છે. (૨૫)——બિલાડી પછવાડે દોડયો. (૨૬)——પાઠ વાંચે છે. (૨૭)——લાકડી મારે છે. (૨૮)——કાગળ લખીએ છીએ. (૨૯)——ટોપી લાવ્યો. (૩૦)——કામ કરી રહ્યાં.

૪. નીચેની ખાલી જગામાં **વિધેય** મૂકોઃ—

(૧) કૈલાસ——(૨) કબુતર——(૩) દેવતા——(૪) ગાડી——(૫) સિંહ——(૬) કુતરો——(૭) ઝાડ——(૮) ફકીર——(૯) પેન્સિલ——(૧૦) ધોબી——(૧૧) વરસાદ——(૧૨) મારી ટોપી——(૧૩) દીવો——(૧૪) કાગળ——(૧૫) બળદ——(૧૬) બાયડી——(૧૭) ટપાલી——(૧૮) ચંદ્રમા——(૧૯) ચોપડી——(૨૦) વરસાદ——(૨૧) રામચંદ્રજી——(૨૨) હનુમાને——(૨૩) ગાયનું દૂધ——(૨૪) રાજાની સવારી——(૨૫)શેઠ——(૨૬) ચીમનની ચોપડી——(૨૭) સવારમાં ફરવાનીટેવ——(૨૮)ગરીબ——(૨૯)ઝાડ ઉપર ફળ——(૩૦) છોકરાં——

૫. બાર વાકયો લખી તેમાં આવતાં ઉદ્દેશ્ય અને વિધેય બતાવો.

૬. 'ખા,' 'દોડ,' 'આવ,' એવાં વાકયોમાં જો કે એકજ પદ છે, તો પણ તેમાં 'તું' અધ્યાહાર (છે એમ સમજવાનું) છે, એ બાબત અગાઉ તમે શીખી ગયા છો, તેથી એવાં વાકયના ભાગ પાડતી વખતે 'તું' ધારી લેવાનો છે. આપણે ઉપર જે વાકય લીધાં છે, તેવાં બેજ પદનાં વાકય હંમેશાં હોતાં નથી. ઘણી વખત ઉદ્દેશ્ય કે વિધેય સાથે તેના અર્થમાં વધારો કરનારા બીજા શબ્દો હોય છે.

૧. દીકરો દેશાવર જાય છે.	૧. **ડાહ્યો** દીકરો દેશાવર જાય છે.
૨. શિક્ષક બરાબર શીખવે છે.	૨. **સારો** શિક્ષક બરાબર શીખવે છે.
૩. સિંહ વનમાં શિકાર કરે છે.	૩. **વિકરાળ** સિંહ વનમાં શિકાર કરે છે.
૪. કુતરો સામે આવ્યો.	૪. **લાલ** કુતરો સામે આવ્યો.

આ વાક્યમાં 'ડાહ્યો એ દીકરાના અર્થમાં **વધારો** કરે છે, તેથી 'ડાહ્યો' એને **ઉદ્દેશ્યવર્ધક** કહે છે; કારણ કે કેવો દીકરો એનું જ્ઞાન આપણને 'ડાહ્યો' એ શબ્દ દીકરાની આગળ મૂકવાથી થાય છે. 'દીકરો' **ઉદ્દેશ્ય** છે. તેવી રીતે **દેશાવર** એ 'જાય છે, પદના અર્થમાં વધારો કરે છે. એ પ્રમાણે **સારો, વિકરાળ, લાલ** એ પદો શિક્ષક સિંહ અને કુતરાના અર્થમાં વધારો બતાવે છે, એટલે તે **ઉદ્દેશ્યવર્ધક** કહેવાય છે. વળી બરાબર,' 'વનમાં શિકાર,' અને 'સામે' એ 'શીખવેછે,' 'કરે છે,' અને 'આવ્યો' વિધેયના અર્થમાં વધારો કરે છે. **વધારો** કરે તે વર્ધક; એટલે એવા શબ્દો વિધેયવર્ધક કહેવાય છે, તેથી તે **વિધેયવર્ધક** છે.

૭. કેટલાંક ક્રિયાપદ ક્રિયાનો અર્થ પુરો બતાવતાં નથી.

દા. (૧) માણસ છે. (૨) તે દેખાય છે. (૩) આકાશ થયું. (૪) વાત લાગે છે.

'માણસ છે' એમાં તેને વિષે શું કહ્યું છે તે સમજાતું નથી, તેમજ તે કેવો દેખાય છે, એ પણ જણાતું નથી. તેવીજ રીતે 'આકાશ કેવું થયું,' 'વાત કેવી લાગે છે' તેનો અર્થ સ્પષ્ટ થતો નથી; પણ (૧) માણસ **સુખી** છે. (૨) તે **દીલગીર** દેખાય છે. (૩) આકાશ **ઘનઘોર** થયું. (૪) વાત **ખરી** લાગે છે. આ વાક્યો ઉપરથી જણાય છે કે 'છે,' 'દેખાય છે,' 'થયું,' 'લાગે છે' એ ક્રિયાપદો ક્રિયાનો અધુરો અર્થ બતાવે છે, અને 'સુખી,' 'દીલગીર,' 'ઘનઘોર,' 'ખરી,' એવાં પદ ક્રિયાપદ સાથે આવી તેમની ક્રિયાનો અર્થ **પુરો** કરે છે, તેથી તે **ક્રિયાપૂરક** કહેવાય છે.

(૧) તે **વાત** કહે છે. (૨) મગન **ચોપડી** વાંચે છે. (૩) બિલાડી **દૂધ** પીએ છે. (૪) શંકર **લાડુ** ખાતો હતો. આ વાક્યમાં **વાત, ચોપડી, દૂધ, લાડુ** એ શબ્દો કહેવાની, વાંચવાની, પીવાની અને ખાવાની ક્રિયામાં રહેલો અધુરો અર્થ પુરો કરે છે, તેથી તે પણ ક્રિયાપૂરક છે; પણ તે સકર્મક ક્રિયાપદનાં કર્મ છે, તેથી તે ક્રિયાપૂરક ગણાય છે એ હવે સમજાયું હશે. આમ કેટલાક વિધેયના બે ભાગ થાય છે; (૧) ક્રિયાપદ અને (૨) ક્રિયાપૂરક. સાધારણ રીતે નામ કે સર્વનામ ઉદ્દેશ્ય હોય છે, પણ બીજાં પદ જેવાં કે વિશેષણ, કૃદંત, અને શબ્દસમૂહ પણ ઉદ્દેશ્ય તરીકે વપરાય છે.

દા. **(૧) શાંતિ** જમવા ગયો. **(૨) તે** ખૂબ રમ્યો. (૩) **ગરીબ** દયાને પાત્ર છે. **(૪) કામ કરવું** અઘરૂં લાગે છે. (૫) **બોલવું** સહેલું છે.

પાઠ ૧૧ મો

વાક્યપૃથક્કરણના નમુના

૧. (૧) નોકર દુઃખી લાગે છે. (૨) શિઆળ લુચ્ચું પ્રાણી છે. (૩) મધમાખી મધ બનાવે છે. (૪) ગાય ઘાસ ખાય છે. (૫) તે દિવાન થયો. (૬) તમે શું ખાધું? (૭) ફરવું ફાયદાકારક છે. (૮) ડેવિડ માંદો રહે છે. (૯) અમથારામ સાજો થયો. (૧૦) શરીર સાફ થયું.

૨.

૧. ઉતાવળે ચાલવાથી તે છોકરો વખતસર પહોંચ્યો.
૨. આ ગરીબ ભિખારી સારંગી વગાડીને પેટ ભરે છે.
૩. એક પોલીસે જલદીથી સિસોટી વગાડી.
૪. રૂઘનાથ ભાટે અમને રસિક રીતે વાર્તા કહી.

૫. મુંબઈ મોટું બંદર છે.

૬. દયાળુ શેઠે બ્રાહ્મણને પાંચ રૂપીઆ આપ્યા.

૭. નર્મદા પવિત્ર નદી છે.

૮. ઘરડા માણસો બહુ વાતો કરે છે.

૯. પેલો વાઘ દરરોજ બે ત્રણ બકરાં લઈ જતો.

૧૦. અહીંઆં તે તાવની બિમારીથી પટકાઈ ગયો.

૩.

કોને વિષે.	શું કહેવામાં આવ્યું છે.	
	વિધેય	
ઉદ્દેશ્ય	ક્રિયાપદ	ક્રિયાપૂરક
૧. નોકર	લાગે છે	દુઃખી
૨. શિઆળ	છે	લુચ્ચું પ્રાણી
૩. મધમાખી	બનાવે છે	મધ
૪. ગાય	ખાય છે	ઘાસ
૫. તે	થયો	દિવાન
૬. તમે	ખાધું	શું
૭. ફરવું	છે	ફાયદાકારક
૮. ડેવિડ	રહે છે	માંદો
૯. અમથારામ	થયો	સાજો
૧૦. શરીર	થયું	સાફ

૪.

	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય		વિધેયવર્ધક
			ક્રિયાપદ	ક્રિયાપૂરક	
૧.	છોકરો	તે	પહોંચ્યો	...	વખતસર, ઉતાવળે ચાલવાથી
૨.	ભિખારી	૧ આ ૨ ગરીબ	ભરે છે	પેટ	સારંગી વગાડીને
૩.	પોલીસે	એક	વગાડી	સિસોટી	જલદીથી
૪.	ભાટે	રૂઘનાથ	કહી	૧ વાર્તા ૨ અમને	રસિક રીતે
૫.	મુંબઈ	...	છે	મોટું બંદર	...
૬.	શેઠે	દયાળુ	આપ્યા	૧ પાંચ રૂપીઆ ૨ બ્રાહ્મણને	...
૭	નર્મદા	...	છે	પવિત્ર નદી	...
૮.	માણસો	ઘરડા	કરે છે	બહુ વાતો	...
૯.	વાઘ	પેલો	લઈ જતો	બે ત્રણ બકરાં	દરરોજ
૧૦.	તે	...	પટકાઈ ગયો	...	અહીંઆં, તાવની બિમારીથી

૫. નીચેનાં વાક્યોમાં ઉદ્દેશ્યવર્ધક મૂકો:—

(૧)——છત્રી ભાગી ગઈ. (૨)——કુતરો કરડવા જાય છે. (૩)——કેરી ખાટી લાગે છે. (૪)——રાજા સાદો રહે છે. (૫)——પેટી બહુ દિવસ ચાલે છે. (૬)——ઘોડો જલદી ચાલે છે. (૭)——સસલાં નાસી ગયાં. (૮)——માણસ ચીઢીઓ થાય છે. (૯)——ફરવા જવું ફાયદાકારક છે. (૧૦)——પવન સારો લાગે

છે. (૧૧)——નાનાલાલે સારાં કાવ્ય લખ્યાં છે. (૧૨)——માણસ છેતરતો નથી. (૧૩)——ગુમડું ગમતું નથી. (૧૪)——માણસ પૈસો ઉડાવી દે છે. (૧૫)——કોયલ ટહુકે છે. (૧૬)——વાર્તા તેને ગમી. (૧૭)——લડવૈયા પાછા હઠતા નથી. (૧૮)——બાળક રમતું નથી. (૧૯)——માણસ સુખી થાય છે. (૨૦)——તીર્થો ઘણાં છે. (૨૧)——ચોપડી ફાડી નાખી. (૨૨)——ખોરાક લેવો ફાયદાકારક છે. (૨૩)——કપડાં પહેરવાં જોઈએ. (૨૪)——ચહેરો ઠીક લાગે છે. (૨૫)——રંગ ગમે છે. (૨૬)——પાણી પીવું જોઈએ. (૨૭)——ટેબલ પડી ગયું. (૨૮)——ઘર બળી ગયાં. (૨૯)——પર્વત ચડાતો નથી. (૩૦)——વરસાદ પડયો.

૬. નીચેની ખાલી જગામાં **વિધેયવર્ધક** મૂકો:—

(૧) સૂર્યનો તડકો——લાગે છે. (૨) નોકર——કામ કરે છે. (૩) નદીનું પાણી——વહે છે. (૪) નટુએ ચોપડી——ફાડી નાખી. (૫) ઘર——સળગી ગયું. (૬) મેં તેને——જોયો હતો. (૭) તે——નાઠો. (૮) દરીઆમાં મોજું——આવે છે. (૯) આંધળો માણસ——ચાલે છે. (૧૦) કંજુસને પૈસા——વહાલા હોય છે. (૧૧) સિંહે હાથી ઉપર——તરાપ મારી. (૧૨) દેશનો વેપાર——ચાલે છે. (૧૩) સંચામાંથી અનાજ——દળાય છે. (૧૪) પરીક્ષામાં ચંદ્રકાંત——પાસ થયો. (૧૫) તેણે કવિતા——ગાઈ, (૧૬) શા માટે તમે——રહો છો ? (૧૭) તે——બેસી રહ્યાં. (૧૮) ગાય——ચરે છે. (૧૯) કનુની તબીયત——બગડી. (૨૦) લસ્કરે——ઘેરો ઘાલ્યો. (૨૧)——બોલો. (૨૨) કુંવર——શિકાર કરતો. (૨૩)——ઘણાં ઝાડ હોય છે. (૨૪) દિવાળી——આવે છે. (૨૫) મારો વિચાર——નથી. (૨૬) શિઆળ સિંહને જોઈ——નાઠું. (૨૭) કામ——કરો. (૨૮) છોકરો——ઘેર ગયો. (૨૯) બગીચામાં ફૂલ——છે. (૩૦) તે હવે——થયો છે.

૭. ઉદ્દેશ્યવર્ધક અને વિધેયવર્ધક આવે એવાં દસ વાકયો બનાવો.

પાઠ ૧૨ મો

પદચ્છેદ

૧. જે શબ્દ વાક્યમાં વપરાય છે, તેને પદ કહે છે. પદચ્છેદ એટલે વાક્યમાં આવતાં જુદાં જુદાં પદના ભાગ કરવા, એટલે તે કયું પદ છે એ કહેવું તે. નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ અને અવ્યય એ પાંચ પદ વિષે તમે શીખી ગયા. હવે વાક્યમાં એ પદનો કેવો સંબંધ હોય છે, તે તમારે જાણવો જોઈએ; તેથી પદચ્છેદ વાક્યનો સ્પષ્ટ અર્થ સમજવાને માટે ઉપયોગી છે. છોકરાઓ ઘણી વખત નામ, સર્વનામ, ક્રિયાપદ, એમ કડકડાટ બોલી જાય છે; પણ તે શેનું નામ છે, સર્વનામ કયા નામને માટે વપરાયું છે, તથા કેવી ક્રિયા અમુક પદથી બતાવવામાં આવે છે, તે કહેવાની જરૂર છે. તેના કેટલાક નમુના નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે:—

૨. (અ) પુત્રીએ બતાવી તે સર્વ રેખા ધ્યાનમાં રાખી ચાંપો વનરાજને ખોળવા નીકળ્યો.

પુત્રી	નામ 'બતાવી' નો કર્તા.
બતાવી	ક્રિયાપદ
તે	વિશેષણ
સર્વ	વિશેષણ (સર્વનામ છે, પણ 'બધા'ના અર્થમાં આવી રેખાના વિશેષણ તરીકે વપરાયું છે.)
રેખા	નામ
ધ્યાનમાં	નામ
રાખી	કૃદંત
ચાંપો	નામ
વનરાજને	નામ
ખોળવા	કૃદંત
નીકળ્યો	ક્રિયાપદ

(ख) સિદ્ધરાજે જુનાગઢ ઉપર ચડાઈ કરી, અને ત્યાં બાર વરસ લડાઈ ચાલી.

સિદ્ધરાજે	નામ	(‘કરી’ ક્રિયાપદનો કર્તા)
જુનાગઢ	નામ	
ઉપર	અવ્યય	
ચડાઈ	નામ	
કરી	ક્રિયાપદ	
અને	અવ્યય	(‘સિદ્ધરાજે——કરી’, ‘ત્યાં——ચાલી’, એ વાકય વચ્ચે સંબંધ બતાવે છે.)
ત્યાં	અવ્યય	
બાર	વિશેષણ	(વરસની સંખ્યા બતાવે છે.)
વરસ	નામ	
લડાઈ	નામ	(‘ચાલી’ ક્રિયાપદનો કર્તા)
ચાલી	ક્રિયાપદ	(કર્મ નથી માટે અકર્મક)

(क) રાણકદેવીએ ભાણેજો ઉપર વિશ્વાસ રાખ્યો અને બારણાં ઉઘાડયાં, એટલે સિદ્ધરાજ અંદર ગયો.

રાણકદેવીએ	નામ	(‘રાખ્યો ક્રિયાપદનો કર્તા)
ભાણેજો	નામ	
ઉપર	અવ્યય	
વિશ્વાસ	નામ	(કર્મ છે માટે સકર્મક)
અને	અવ્યય	(‘રાણકદેવીએ——રાખ્યો’,બારણાં ઉઘાડયાં’, એ વાકયો વચ્ચે સંબંધ બતાવે છે.)
બારણાં	નામ	(ઉઘાડયાં’નું કર્મ)
ઉઘાડયાં	ક્રિયાપદ	(કર્મ છે માટે સકર્મક)
એટલે	અવ્યય	
સિદ્ધરાજ	નામ	(ગયો ક્રિયાપદનો કર્તા)

અંદર	અવ્યય	(જગા બતાવે છે.)
ગયો	ક્રિયાપદ	(કર્મ નથી માટે અકર્મક)

(ઢ) સોલંકી વંશનો છેલ્લો રાજા ભીમદેવ સને ૧૧૭૯માં સગીર ઉંમરે પાટણની ગાદીએ બેઠો, અને તેણે ૬૨ વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું.

સોલંકી	વિશેષણ	(વંશનો ગુણ બતાવે છે.)
વંશનો	નામ	
છેલ્લો	વિશેષણ	(રાજાનો ગુણ બતાવે છે.
રાજા	નામ	
ભીમદેવ	નામ	(બેઠો ક્રિયાપદનો કર્તા)
સને	નામ	
૧૧૭૯ માં	વિશેષણ	(વર્ષ કયું છે તે બતાવે છે.)
સગીર	વિશેષણ	(ઉંમરનો ગુણ બતાવે છે.)
ઉંમરે	નામ	
પાટણની	નામ	
ગાદીએ	ક્રિયાપદ	(કર્તા ભીમદેવ, કર્મ નથી તેથી અકર્મક)
અને	અવ્યય	('સોલંકી——બેઠો', 'તેણે——ભોગવ્યું' એ વાક્યો વચ્ચે સંબંધ બતાવે છે.)
તેણે	સર્વનામ	(ભીમદેવને માટે વપરાયું છે; 'ભોગવ્યું' નો કર્તા.)
૬૩	વિશેષણ	(વર્ષ કેટલાં છે તે બતાવે છે.)
વર્ષ	નામ	
સુધી	અવ્યય	
રાજ્ય	નામ	('ભોગવ્યું'નું કર્મ છે.)
ભોગવ્યું	ક્રિયાપદ	(કર્તા તેણે, 'રાજ્ય' કર્મ છે તેથી સકર્મક)

સમાપ્ત